RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 11-10-2026 I VOL : 12 I Issue : 206 I
Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3  અમરેલીમાં કપાસના સત્યાનાશ વચ્ચે શંકરસિંહ વાઘેલાનો સરકાર પર...

4  નવરાત્રિ: નવ રાત, નવ શક્તિ અને આંતરિક અંધકાર પર વિજય...

6  મૃણાલ ઠાકુરે કેટરિના-કૃતિની ટ્રોલિંગ પર વ્યક્ત કરી નારાજગી

7  પીવી સિંધુ આર્કટિક ઓપન બેડમિન્ટનમાંથી બહાર

## ઈન્ડિયા ગઠબંધનની સરકાર આવતા લોકશાહીને મજબૂત કરાશે

# જ્ઞાનેશ કુમારની સાથે સરકાર પણ જશે: રાહુલ

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની ધમકી આપતા ખળભળાટ મચી ગયો છે. તેમણે દાવો કર્યો કે ઈન્ડિયા ગઠબંધનની સરકાર આવતા લોકશાહીને મજબૂત કરાશે. આ મુદ્દે રાહુલ ગાંધી અને અન્ય સાંસદોએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી. ભાજપ અધ્યક્ષ નિતિન નવીને આને 'દેશને અસ્થિર કરવાનું ષડયંત્ર' ગણાવ્યું. તેમણે કહ્યું કે જનતાએ નકારતા વિપક્ષ હતાશ થયો છે. કોકરોચ જનતા પાર્ટી (CJP)ના પ્રદર્શન પહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે દાવો કર્યો કે જ્ઞાનેશ કુમાર પોતાના પદ પરથી હટશે, દેશમાં તેમની (ઈન્ડિયા ગઠબંધનની) સરકાર આવશે અને ત્યારબાદ લોકશાહીને ફરીથી મજબૂત કરવાનું કામ શરૂ કરાશે. આ મુદ્દે રાહુલ ગાંધી અને ઈન્ડિયા ગઠબંધનના અન્ય સાંસદોએ શુક્રવારે રાષ્ટ્રપતિ સાથે પણ મુલાકાત કરી હતી રાહુલ ગાંધીના આ નિવેદન



બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીને રાહુલ ગાંધી, કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધન પર નિશાન સાધ્યું છે.

તેમણે આરોપ લગાવ્યો કે, 'કેટલાક લોકો 'અર્બન નક્સલ' માનસિકતા સાથે દેશને અસ્થિર કરવાના પ્રયાસો કરી રહ્યા છે. બીજેપી આવી કોશિશોનો આકરો જવાબ આપશે અને આવી તાકાતોના ઈરાદાઓ ક્યારેય સફળ થવા દેવામાં આવશે નહીં. ભાજપ વિકસિત ભારતના નિર્માણ અને વિકાસ પ્રત્યે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.' નિતિન નવીને વિપક્ષી ગઠબંધન અને CJP પર નિશાન સાધતા જણાવ્યું કે દેશની જનતાએ આ લોકોને નકારી દીધા છે. જ્યારે લોકશાહીમાં હાર મળી ત્યારે તેમાંથી શીખવાને બદલે વિપક્ષે દેશને અસ્થિર કરવાનો ઈરાદો બનાવી લીધો છે. તેમણે રાહુલ ગાંધી પર આક્ષેપ કર્યો કે કેટલાક લોકો વિદેશી તાકાતોના સહારે રાજકારણ રમી રહ્યા છે અને વિવિધ રાજ્યોમાં સતત મળી રહેલી ચૂંટણી હારના કારણે વિપક્ષમાં ભારે હતાશા જોવા મળી રહી છે, જેને દેશની જનતા ક્યારેય સ્વીકારશે નહીં.

## ચૂંટણી પંચનો છબરડો: મહારાષ્ટ્રમાં 2.7 લાખ મતદારોની ઉંમર 100 વર્ષથી વધુ નોંધાઈ, સુધારતા મહિનો લાગ્યો

મુંબઈ

મહારાષ્ટ્રમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR-2026) હેઠળ તૈયાર કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાં એક ચોંકાવનારી ટેકનિકલ ખામી સામે આવી છે. સિસ્ટમની મોટી ગરબડને કારણે રાજ્યના 2,70,313 મતદારોનું જન્મ વર્ષ સીધું 1900 નોંધાઈ ગયું હતું, જેના કારણે ડ્રાફ્ટ રોલમાં તેમની ઉંમર 101થી 150 વર્ષની વચ્ચે દેખાવા લાગી હતી. આટલી ગંભીર ભૂલ હોવા છતાં, કેન્દ્રીય ચૂંટણી પંચને આ ટેકનિકલ ખામી સુધારવામાં એક મહિના કરતાં પણ વધુ સમય લાગી ગયો હતો. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ અનુસાર આ સમગ્ર છબરડામાં સૌથી મોટો હિસ્સો નાસિક જિલ્લામાં જોવા મળ્યો હતો. અસરગ્રસ્ત 2,70,313 મતદારોમાંથી 2,37,974 એટલે કે પૂરા 88% મતદારો માત્ર નાસિક જિલ્લાના 3 વિધાનસભા મતવિસ્તારોમાં નોંધાયા હતા. આ વિસ્તારોમાં કલવણ ચાંદવડ અને દેવલાલીનો સમાવેશ થાય છે. જ્યારે બાકીના 32,339 મતદારો સમગ્ર રાજ્યના અન્ય વિસ્તારોમાં નોંધાયા હતા. ડ્રાફ્ટ યાદીમાં મોટી સંખ્યામાં મતદારોની ઉંમર સીધી 126 વર્ષ દેખાડવામાં આવી હતી.

## 'ભારતમાં અઘોષિત ઈમરજન્સી જેવી હાલત, પ્રદર્શનકારીઓને છોડ્યા નહીં તો અનશન કરીશ': વાંગચુક

નવી દિલ્હી

દિલ્હીના જંતર મંતર પર પ્રદર્શન પહેલાં CJPના અભિજિત દીપકે, સૌરવ દાસ અને આશુતોષ રાંકાને અટકાયતમાં લેવાયા બાદ ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે દિલ્હીમાં ભારે ઘેરાબંધી અને સુરક્ષાના નામે વિરોધ કરવા પહોંચેલા લોકોની અટકાયત પર સરકાર સામે સવાલો કર્યા છે.



'દુનિયાનું સૌથી મોટું લોકશાહી અઘોષિત કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે' સોનમ વાંગચુકે કહ્યું કે-દુનિયાનું સૌથી મોટું લોકશાહી અઘોષિત ઈમરજન્સીની સ્થિતિમાં ચાલી રહ્યું છે. તેમણે આ વાત સોશિયલ મીડિયા પર ત્યારે કહી જ્યારે જંતર-મંતર પર યુવા નેતૃત્વવાળી 'કોકરોચ જનતા પાર્ટી'ના મોટા વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે કડક કાર્યવાહી કરી.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વીડિયોના માધ્યમથી વાંગચુકે દિલ્હી આવી રહેલા વિદ્યાર્થી નેતાઓ, એક્ટિવિસ્ટો અને શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓને અગાઉથી જ કસ્ટડીમાં લેવા અને રોકવા પર ઊંડું દુ:ખ વ્યક્ત કર્યું.

## CJP આજે ફરી વિરોધ પ્રદર્શન કરશે: આજે દીપકે સહિત 7000 લોકોની અટકાયત

નવી દિલ્હી

દિલ્હી પોલીસની કડકાઈને કારણે કોકરોચ જનતા પાર્ટીના પ્રદર્શનકારીઓ જંતર-મંતર સુધી પહોંચી શક્યા નહીં. પોલીસે સીજેપીના નેતાઓ અભિજીત દીપકે, સૌરવ દાસ અને આશુતોષ રાંકાને સવારે જ એરપોર્ટ પર કસ્ટડીમાં લીધા હતા. ત્યારબાદ પોલીસે જંતર-મંતર તરફ આગળ વધી રહેલા બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પણ કસ્ટડીમાં લીધા. પાર્ટીએ સવારે 10 વાગ્યે જંતર-મંતર પર પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું. સમર્થકોએ અહીં પહોંચવાનો પ્રયાસ પણ કર્યો, પરંતુ અનેક સ્થળોએ 3થી 5 સ્તરની બેરિકેડિંગને કારણે તેમને આગળ વધવા દેવામાં આવ્યા નહોતા. અત્યાર સુધીમાં 7000 લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. દિલ્હીમાં 38 હજારથી વધુ સુરક્ષાકર્મીઓ તૈનાત છે. મતદાર યાદીમાં ગેરરીતિઓ અને SIRના વિરોધમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમરના રાજીનામાની માંગને લઈને CJPએ જંતર-મંતર પર પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું.



### અટકાયત બાદ છૂટેલા કેજરીવાલ-મમતાનો રોષ, કહ્યું- 'તમારી જેલો ઓછી પડી જશે'

દિલ્હીમાં આજે સીજેપીના દેખાવોને પગલે હાઈએલર્ટ જેવી સ્થિતિ છે. સંપૂર્ણ દિલ્હી છાવણીમાં ફેરવાઈ ગયું છે. મોટી સંખ્યામાં પોલીસ અને સુરક્ષાદળોની તહેનાતી કરવામાં આવી છે. આમ આદમી પાર્ટી (AAP)ના સંયોજક અરવિંદ કેજરીવાલ સહિત પાર્ટીના નેતાઓને દિલ્હી પોલીસે કસ્ટડીમાંથી મુક્ત કરી દીધા છે. કેજરીવાલને લોધી એસ્ટેટમાંથી કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા અને જાફરપુર કલાં પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા હતા. અરવિંદ કેજરીવાલ, સંજય સિંહ અને દુર્ગેશ પાઠકને CJPના વિરોધ પ્રદર્શનના આહ્વાનના સમર્થનમાં માર્ચ કાઢવાના પ્રયાસ દરમિયાન કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. મુક્તિ પછી કેજરીવાલે સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કરીને કહ્યું, 'મોદીજી, તમારી જેલો ઓછી પડી જશે.

## એક નજર...

### નિકિતા શર્માનો એનિમલ પ્રિન્ટ આઉટફિટમાં બોલ્ડ-ગ્લેમરસ અવતાર



ટીવી ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી નિકિતા શર્માએ તાજેતરમાં જ એનિમલ પ્રિન્ટના બ્લેક લેસ બોર્ડરવાળા આઉટફિટમાં એક અત્યંત બોલ્ડ અને ગ્લેમરસ ફોટોશૂટ કરાવ્યું છે. સનલાઈટના સોફ્ટ ગ્લો વચ્ચે વિન્ડો પાસે પોઝ આપતી નિકિતાનો આ સિઝલિંગ અને હોટ અવતાર ફેન્સનું ધ્યાન પોતાની તરફ ખેંચી રહ્યો છે.

## NEWS TRACK

### પનામામાં ભૂકંપનો ડબલ એટેક: 7.7 અને 6.6ની તીવ્રતાના ભૂકંપથી શહેર ધ્રૂજી ઊઠ્યું, ઈમારતો ધરાશાયી

મધ્ય અમેરિકન દેશ પનામા શુક્રવારે ભૂકંપના શક્તિશાળી આંચકાઓથી ધ્રૂજી ઊઠ્યો. થોડા જ સમયના અંતરે આવેલા 7.7 અને 6.6ની તીવ્રતાના બે ભૂકંપોએ દેશના અનેક ભાગોમાં અફરાતફરી મચાવી દીધી. ભૂકંપ બાદ સતત ડઝનેક આફ્ટરશોક્સ અનુભવાતા લોકોમાં ભયનો માહોલ રહ્યો. અનેક ઈમારતોને નુકસાન થયું, રસ્તાઓમાં મોટી તિરાડો પડી અને હજારો લોકો સાવચેતીના ભાગરૂપે ઘરોની બહાર નીકળી આવ્યા. વહીવટીતંત્રે રાહત અને નુકસાનના આકલનની કામગીરી શરૂ કરી દીધી છે. અમેરિકી ભૂગર્ભ સર્વેક્ષણ મુજબ, પહેલો અને સૌથી શક્તિશાળી ભૂકંપ પનામાના હેરેરા પ્રાંતમાં આવેલા પિટાલોસા અરિબા સમુદાયના દક્ષિણ-પશ્ચિમમાં આવ્યો હતો. ભૂકંપની ઊંડાઈ લગભગ 10 કિલોમીટર હોવાનું જણાવાયું છે. શરૂઆતમાં તેની તીવ્રતા 8.0 માપવામાં આવી હતી, જેને બાદમાં સુધારીને 7.7 કરવામાં આવી. તેના થોડા સમય બાદ 6.6ની તીવ્રતાનો વધુ એક મોટો ભૂકંપ આવ્યો, જેના કારણે પહેલેથી જ ડરી ગયેલા લોકોમાં વધુ ગભરાટ ફેલાયો.

### ભારતને ટેરિફની ધમકી આપનાર ટ્રમ્પની રશિયા સાથે ડીઝલ ડીલ:ટ્રમ્પે કહ્યું- આ સોદાથી દુનિયામાં તેલના ભાવ ઘટશે

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે રશિયન ડીઝલ ખરીદવા પરનો પ્રતિબંધ 7 એપ્રિલ 2027 સુધી હટાવી દીધો છે. હવે અમેરિકા રશિયા પાસેથી ડીઝલ ખરીદી શકશે. રશિયાએ 2022માં યુક્રેન પર હુમલો કર્યો હતો. ત્યારબાદ અમેરિકાએ રશિયન તેલ પર પ્રતિબંધો લાદી દીધા હતા. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે, જ્યારે ઈરાન યુદ્ધ બાદ અમેરિકામાં ડીઝલના ભાવ વધી ગયા છે. હાલમાં ત્યાં ડીઝલ આશરે 6.28 ડૉલર પ્રતિ ગૅલનના ભાવે વેચાઈ રહ્યું છે, જ્યારે યુદ્ધ પહેલાં તેની કિંમત આશરે 3.70 ડૉલર હતી. અમેરિકામાં 3 નવેમ્બરે મીડટર્મ ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં ઈંધણના વધતા ભાવો ટ્રમ્પ પ્રશાસન માટે પડકારરૂપ બન્યા છે. ભાવ ઘટાડવા માટે ટ્રમ્પ તેલ અને ડીઝલનો પુરવઠો વધારવા જેવા પગલાં લઈ રહ્યા છે. જોકે, આ નિર્ણય પર યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીએ નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે આનાથી રશિયાને નાણાં મળશે, જેનો ઉપયોગ તે યુક્રેન વિરુદ્ધ કરશે.

# અમદાવાદના ચાંદખેડામાં દાંપત્યજીવન અને હવસખોર સાસરિયાઓની હદ વટાઈ

# ગોવા પ્રવાસમાં પતિએ માગી 'વાઈફ સ્વેપિંગ'ની ભયાનક ભેટ!

## ઈનકાર કરતાં પતિએ આપી પાંચ મિત્રો પાસે રેપ કરાવી મર્ડર કરવાની ધમકી: સસરા સામે પણ શારીરિક સંબંધ બાંધવાની માગણીના ગંભીર આક્ષેપોથી સમગ્ર શહેરમાં ચકચાર

અમદાવાદ

મેગા સિટી અમદાવાદમાં પરિવાર અને પવિત્ર સંબંધોને લાંછન લગાડતી એક અત્યંત શરમજનક અને હચમચાવી દેતી ઘટના ચાંદખેડા વિસ્તારમાંથી સામે આવી છે. લગ્નજીવનના પવિત્ર બંધનને કલંકિત કરતા પતિ, સસરા અને નણંદોના ત્રાસથી કંટાળીને ૩૭ વર્ષીય પરિણીતાએ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદથી ખાખી વર્તુળોમાં પણ ભૂકંપ મચી ગયો છે. દારૂના નશામાં ચૂર થઈને પત્ની સાથે અમાનવીય કૃત્યો આચરનાર અને હવસની તમામ હદો વટાવી ચૂકેલા પરિવારે ત્રાસની હદ વટાવી દીધી છે.

### ગોવાના પ્રવાસમાં વાઈફ સ્વેપિંગની ઘાતકી માગ

પીડિત મહિલા દ્વારા પોલીસમાં આપવામાં આવેલી વિગતો મુજબ, તેનો પતિ તેને ગોવા ફરવા માટે લઈ ગયો હતો. આ પ્રવાસ દરમિયાન પતિએ પોતાની વિકૃત માનસિકતાનું પ્રદર્શન કરીને પત્ની સમક્ષ 'વાઈફ સ્વેપિંગ' (Wife Swapping - પત્નીઓની અદલાબદલી કરીને સંબંધ બાંધવા) ની અત્યંત શરમજનક માગ મૂકી હતી. જ્યારે પરિણીતાએ આ ઘૃણાસ્પદ પ્રવૃત્તિનો સ્પષ્ટ શબ્દોમાં વિરોધ કરીને ઈનકાર કર્યો, ત્યારે પતિનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો. તેણે પત્નીને મારઝૂડ કરી હતી અને ધમકી આપી હતી કે જો તે તેની વાત નહીં માને તો તે પોતાના પાંચ મિત્રોને ઘરે મોકલીને તેણી પર ગેંગરેપ કરાવશે અને પતાવી દેશે.

### મુશ્કેલીના સમયે સસરાની પણ અનૈતિક માગ

આ કેસમાં માત્ર પતિ જ નહીં




પરંતુ સસરાનું ચરિત્ર પણ એટલું જ ખરડાયેલું બહાર આવ્યું છે. ફરિયાદમાં જણાવ્યાનુસાર, અગાઉ પતિ અકસ્માતને કારણે પથારીવશ થઈ ગયો હતો અને પરિવાર પર આર્થિક સંકટ આવ્યું હતું. આ મુશ્કેલ સમયમાં જ્યારે પુત્રવધૂ મદદ અથવા સહારો મેળવવા માટે સસરા પાસે ગઈ, ત્યારે લાજ-લજ્જા નેવે મૂકીને સસરાએ પણ તેની પાસે શારીરિક સંબંધ બાંધવાની અનૈતિક માગણી કરી હતી. ઘરના મોભી અને પતિ જ જ્યારે ભક્ષક બની જાય ત્યારે એક અબળા નારીની શું દશા થાય તેની આ જીવતી જાગતી સાબિતી છે.

### દહેજ માટે શારીરિક અને માનસિક ત્રાસનો સિલસિલો

મહિલાએ પોલીસ સમક્ષ રજૂઆત કરી છે કે લગ્નજીવનની શરૂઆતથી જ સાસરિયાઓ દ્વારા દહેજ પેટે અવારનવાર નાણાંની માગણી કરવામાં આવતી હતી. પતિ દારૂના નશામાં ધૂત થઈને રોજેરોજ ઝઘડા કરતો અને બળજબરીપૂર્વક સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યો આચરતો હતો. એટલું જ નહીં, ઘર ખરીદવાના બહાને પત્નીના સ્ત્રીધનના તમામ દાગીના પણ વેચી મારવામાં આવ્યા હતા.

### ચાંદખેડા પોલીસ દ્વારા ગુનો દાખલ, તપાસ શરૂ

રોજરોજની આ જુલમગાથા અને જાનથી મારી નાખવાની ધમકીઓથી ત્રસ્ત થઈને આખરે પરિણીતાએ હિંમત દાખવીને ચાંદખેડા પોલીસ સ્ટેશનનો દરવાજો ખટખટાવ્યો છે. પોલીસે પીડિતાની ફરિયાદના આધારે પતિ, સસરા અને નણંદો સામે ગુનો નોંધીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. આ હચમચાવી દેનારા કિસ્સાએ અમદાવાદના સંસ્કારી સમાજની નગ્ન વાસ્તવિકતા સપાટી પર લાવી દીધી છે.

### પાક્કો ગુજરાતનો અવાજ

આજના આધુનિક યુગમાં પણ પત્નીને ભોગવવાની ચીજ સમજનારા આવા પાશવી માનસિકતા ધરાવતા નરાધમોને કડકમાં કડક સજા મળવી જ જોઈએ, જેથી ફરી કોઈ દીકરી કે પત્ની આ પ્રકારની નરક જેવી જિંદગી જીવવા મજબૂર ન થાય.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## કલોલમાં મોબાઈલ ફોન અંગેની તકરારમાં છરીના ઘા ઝીંકી યુવકની હત્યા

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના બોરીસણામાં મોબાઈલ ફોન અને પ્રેમસંબંધની શંકા રાખી 20 વર્ષીય યુવકની નિર્મમ હત્યાની ઘટના બનતા ભારે અરેરાટી ફેલાઈ છે. બોરીસણા ખોડિયાર માતાના વાડાના ગેટ પાસે બનેલી આ ઘટનામાં 5 શખ્સોએ એકસંપ થઈ યુવક પર હુમલો કરી છરીના ઘા મારી મોતને ઘાટ ઉતાર્યો હતો. આ અંગે કલોલ તાલુકા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આદરી છે. આ અંગે નોંધાયેલી પોલીસ ફરિયાદ અનુસાર, મૃતક રાકેશ ઉર્ફે લાલાજી પોપટજી ઠાકોર (20)ના નાના ભાઈ કરણ (17)નો મોબાઈલ ફોન ગામની જ અમરતબેન ઠાકોરની ભાણી પાસેથી મળી આવ્યો હતો. 8 ઓક્ટોબરની રાતે રાકેશે ભાઈ કરણને કૉલ કરતાં સામેથી અમરતબેને વાત કરી ગાળાગાળી કરી હતી.

જેથી બોલાચાલી ન કરવા અને ભાઈનો મોબાઈલ પરત લેવા રાકેશ અને માતા મિતલબેન ખોડિયાર માતાના વાડાના ગેટ પાસે ગયાં હતાં. આ મામલે વાતચીત દરમિયાન સામસામે ઉગ્ર બોલાચાલી થતાં અમરતબેન બાલાજી ઠાકોર, ભાવેશ બાલાજી ઠાકોર, જીતુ દિનેશજી ઠાકોર, કિશન વિષ્ણુજી ઠાકોર અને જયમીન નાયકે એકસંપ થઈ ત્યાં આવ્યા હતા.

## ચેકમાં છેડછાડ કરી નાણાં ઉપાડવાના ગુનામાં એક ઝડપાયો

ભરૂચ

ભરૂચમાં બેંકના ડ્રોપબોક્સમાંથી અન્ય વ્યક્તિના નામનો ચેક મેળવી, તેમાં છેડછાડ કરીને નાણાં ઉપાડવાના ગુનામાં ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસે ઉત્તર પ્રદેશના એક આરોપીને ઝડપી પાડ્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ગત ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બેંક ઓફ બરોડાની સ્ટેશન રોડ શાખામાંથી ફરિયાદીના નામનો ચેક મેળવી તેમાં છેડછાડ કરવામાં આવી હતી. ત્યારબાદ ફરિયાદીનું નામ ધારણ કરીને બેંક ઓફ બરોડાની બ્લુ ચિપ શાખામાંથી રોકડ રકમ ઉપાડી લેવામાં આવી હતી. આ અંગે ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

ગુનાનો ભેદ ઉકેલવા પોલીસે સીસીટીવી ફૂટેજની તપાસ કરી હતી. હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે આરોપી ભરૂચ રેલવે સ્ટેશન નજીકથી ભૃગુઋષિ બ્રિજ તરફ જતો હોવાની બાતમી મળી હતી. તેના આધારે પોલીસે ભૃગુઋષિ બ્રિજ નીચેથી મહેન્દ્રપાલ સુખલાલ જાટવ, રહે. જીરૌનિયા ગામ, પોસ્ટ પોટાકલા, થાના બારખેડા, જિલ્લા પીલીભીત, ઉત્તર પ્રદેશને ઝડપી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે બેંકમાંથી ચેક મેળવી રોકડ રકમ ઉપાડી હોવાની કબૂલાત આપી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

## 3 વર્ષથી પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને વલસાડથી ઝડપી પાડ્યો

ભરૂચ

અંકલેશ્વર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને ભરૂચ પેરોલ ફર્લો સ્ક્વોડે વલસાડ ખાતેથી ઝડપી પાડ્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશન એક્ટના ગુનામાં પકડવાનો બાકી આરોપી અરશદ ઉર્ફે નવ્વાણું ઉર્ફે હર્ષદ સઈદ હુસેન ભૂરિયા (શેખ), રહે. એસ.ટી. ડેપો સામે, ભોલેશાહ બાપુની દરગાહ, વલસાડ, ધરમપુર ચોકડી વિસ્તારમાં છે. બાતમીના આધારે પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમ વલસાડ ખાતે તપાસ માટે પહોંચી હતી. બાતમી, હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપી સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની સંબંધિત કલમો હેઠળ કાર્યવાહી કરી વધુ તપાસ માટે તેને અંકલેશ્વર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

## અંકલેશ્વરમાં 16 વર્ષીય કિશોરનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું

અંકલેશ્વર

અંકલેશ્વરના હસ્તી તળાવ પાસે આવેલા કબ્રસ્તાનની દીવાલ નજીક મોડી રાત્રે ૧૬ વર્ષીય કિશોરે ઝાડ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. જાણ થતાં ૧૧૨ની ટીમે સ્થળ પર પહોંચી મૃતદેહને નીચે ઉતાર્યો હતો. ત્યારબાદ શહેર એ ડિવિઝન પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકના ખિસ્સામાંથી મળેલા આધારકાર્ડના આધારે તેની ઓળખ શિવા ભ્રમાનંદ કુશવાહ તરીકે થઈ છે. તે મૂળ ઉત્તર પ્રદેશના કનોજ જિલ્લાના નેકપૂરનો વતની હતો અને હાલ અંકલેશ્વરના બોરભાઠા ગામ નજીક તક્ષશિલા વિદ્યાલય સામે રહેતો હતો. આ બનાવ અંગે મૃતકના સંબંધી અભિયેશ રામવિલાસ બદલે કુશવાહે શહેર એ ડિવિઝન પોલીસને જાણ કરી હતી. પોલીસે પ્રાથમિક વિગતોના આધારે કાર્યવાહી શરૂ કરી છે. કિશોરના ખિસ્સામાંથી તેના ભાઈ, પરિવારજનો અને મિત્રોના હસ્તલિખિત સંપર્ક નંબર પણ મળી આવ્યા હતા. કિશોરે આ પગલું શા માટે ભર્યું તે અંગેનું કારણ હજુ અકબંધ છે. પોલીસે મૃતકના પરિવારજનો અને મિત્રોનાં નિવેદનો નોંધવાની તજવીજ હાથ ધરી છે અને વધુ તપાસ શરૂ કરી છે.

## ઓટોરિક્ષામાંથી 2.75 લાખની કિંમતના 5.916 કિલો ગાંજા સાથે એક ઝડપાયો

સુરત

સુરત શહેરમાં નશીલા પદાર્થો અને ડ્રગ્સના વેચાણ સામે પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'નો ડ્રગ્સ ઈન સુરત સિટી' અભિયાન અંતર્ગત ઉતરાણ પોલીસ મથકને એક ખૂબ જ મોટી સફળતા મળી છે. ઉતરાણ પોલીસની સઘન વોચ અને બાતમીના આધારે કરવામાં આવેલી વ્યુહાત્મક કાર્યવાહીમાં ઓટોરિક્ષાની આડમાં ચાલતા ગાંજાના ગેરકાયદેસર કાળા કારોબારનો પર્દાફાશ થયો છે. પોલીસે ચાલુ રિક્ષામાંથી અંદાજે ૫.૯૧૬ કિલોગ્રામ પ્રતિબંધિત ગાંજાનો જથ્થો જપ્ત કર્યો છે, જેની બજાર કિંમત આશરે ૨.૭૫ લાખ હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઉતરાણ પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે એક શંકાસ્પદ ઓટોરિક્ષામાં નશીલા પદાર્થની હેરાફેરી થઈ રહી છે. પોલીસે બાતમીવાળા સ્થળે ટ્રેપ ગોઠવીને વાહન ચેકિંગ હાથ ધર્યું હતું અને શંકાસ્પદ રિક્ષાને અટકાવીને તલાશી લીધી હતી.

# અમદાવાદમાં બેફામ મોતના સોદાગરો બનતા ડમ્પરો પર હાઈકોર્ટ લાલઘૂમ: એક્ટિંગ ચીફ જસ્ટિસે સરકારને ખખડાવી

### દિવસ દરમિયાન ડમ્પરોની એન્ટ્રી પર પ્રતિબંધનો કડક અમલ કરવા ટકોર, હેલમેટ અને મોબાઈલ વ્હીકલ યુઝ પર પણ લાલ આંખ: નિર્દોષોના ભોગ લેવાતા અટકાવવા કોર્ટની સખત ચેતવણી

અમદાવાદ



મેગા સિટી અમદાવાદમાં બેફામ દોડતા ડમ્પરો અને ભારે વાહનોનો આતંક હવે એટલી હદે વધી ગયો છે કે સામાન્ય નાગરિકો માટે રસ્તા પર નીકળવું પણ જોખમી બન્યું છે. રોજબરોજ નિર્દોષ લોકો અકસ્માતનો ભોગ બનીને મોતને ભેટી રહ્યા છે ત્યારે ગુજરાત હાઈકોર્ટે આ ગંભીર મુદ્દે કડક વલણ અપનાવ્યું છે. અમદાવાદમાં બેફામ દોડતા ડમ્પરો અને વધતા જતા અકસ્માતોને લઈને ગુજરાત હાઈકોર્ટે અત્યંત ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને રાજ્ય સરકાર તથા પોલીસ તંત્રને આડેહાથ લીધા છે.

એક્ટિંગ ચીફ જસ્ટિસની સખત ટકોર: હવે લાપરવાહી નહીં ચાલે

ગુજરાત હાઈકોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસ માનસ રંજન પાઠકે સુનાવણી દરમિયાન સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરી છે કે, શહેરમાં દિવસ દરમિયાન ડમ્પરો અને ભારે વાહનોની અવરજવર પર લગાવવામાં આવેલા પ્રતિબંધોનો કડક અમલ કરવામાં આવે. ટ્રાફિક નિયમોના લીરેલીરા ઉડાડતા બેફામ ચાલકો અને તેમની પર અંકુશ લાવવામાં નિષ્ફળ રહેલા તંત્ર સામે હાઈકોર્ટે લાલ આંખ કરી છે. કોર્ટે ફિટ્કાર વરસાવતા જણાવ્યું કે, નાગરિકોના જીવ સાથે ચેડાં કરતા આ ડમ્પરો પર કાયદાનો સકંજો કસાયો જ જોઈએ.

હેલમેટ વગરનું ડ્રાઈવિંગ અને મોબાઈલનો ઉપયોગ બન્યો મોતનું નિમંત્રણ

માત્ર ડમ્પરો જ નહીં, પરંતુ શહેરમાં ટ્રાફિક નિયમોના બેફામ ભંગ અંગે પણ હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી છે. કોર્ટે ચિંતા વ્યક્ત કરી છે કે:

વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાના પ્રમાણમાં ચિંતાજનક વધારો થયો છે.

ટ્રાફિકના નિયમોને નેવે મૂકીને હેલમેટ વગર વાહન ચલાવનારા ચાલકો પોતાના તેમજ અન્યના જીવ જોખમમાં મૂકી રહ્યા છે.

ટ્રાફિક પોલીસની આંખ આડા કાન કરવાની નીતિને કારણે રોડ સેફ્ટીના ધજાગરા ઉડી રહ્યા છે.

બે સપ્તાહ બાદ ફરી સુનાવણી: તંત્ર પર લટકતી તલવાર

અમદાવાદના રસ્તાઓ પર વધી રહેલા અકસ્માતો અને બેફામ વાહનચાલકોની મનમાની સામે હાઈકોર્ટે ગંભીર વલણ અપનાવીને આ કેસની વધુ સુનાવણી આગામી બે સપ્તાહ બાદ મુકરર કરી છે. કોર્ટના આ કડક રૂખથી હવે રાજ્ય સરકાર અને સ્થાનિક તંત્ર પર દબાણ વધ્યું છે કે તેઓ તાત્કાલિક ધોરણે નક્કર પગલાં ભરે.

પાક્કો ગુજરાતનો સીધો સવાલ:

૧. શું ડમ્પરોની બેફામ સ્પીડ અને ગેરકાયદે એન્ટ્રી રોકવા માટે પોલીસ માત્ર કાગળ પર જ પ્રતિબંધો રાખશે?

૨. હેલમેટ અને મોબાઈલના નિયમો તોડનારાઓ સામે ક્યારે મોટા પાયે ડ્રાઈવ શરૂ થશે?

૩. નિર્દોષ નાગરિકોના લોહીથી રંગાતા અમદાવાદના રસ્તાઓ ક્યારે સુરક્ષિત બનશે?

હાઈકોર્ટની કડક ચેતવણી:

જો સમયસર આ મામલે કડક પગલાં નહીં ભરાય, તો આગામી સુનાવણીમાં હાઈકોર્ટ જવાબદાર અધિકારીઓ સામે પણ આકરાં તેવર દાખવી શકે છે. પાક્કો ગુજરાત ન્યૂઝ જનહિતમાં આ લડાઈને સતત વાચા આપતું રહેશે.

## નવરાત્રિમાં 22,000થી વધુ ગરબા સ્થળે પોલીસનો પહેરો

### શેરી ગરબાથી પાર્ટી પ્લોટ સુધી થ્રી-લેયર સુરક્ષા, મહિલા પોલીસ સાદા કપડાં અને ટ્રેડિશનલ ડ્રેસમાં નજર રાખશે

ગાંધીનગર

નવરાત્રિ દરમિયાન રાજ્યભરમાં ખેલૈયાઓની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા ગુજરાત પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો છે. રાજ્યમાં 22 હજારથી વધુ ગરબા સ્થળોએ પોલીસ, હોમગાર્ડ અને TRB જવાનો તૈનાત રહેશે. ત્રણ સ્તરની સુરક્ષા વ્યવસ્થા તૈયાર કરવામાં આવી છે. રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે તમામ જિલ્લા પોલીસ વડાઓ અને પોલીસ કમિશનરોને એલર્ટ રહીને પેટ્રોલિંગ વધારવા સૂચના આપી છે.

રાજ્યભરમાં 364 પાર્ટી પ્લોટ, 2,727 જાહેર ગરબા સ્થળો અને 16,527 શેરી ગરબા સ્થળો સહિત વિવિધ સ્થળોએ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. સંવેદનશીલ વિસ્તારો, ભીડભાડવાળા રસ્તાઓ, શોપિંગ ઝોન અને ગરબા સ્થળોએ પોલીસ સતત પેટ્રોલિંગ કરશે.



લાખો ખેલૈયાઓ નવરાત્રિ દરમિયાન નિર્ભય બનીને ગરબે ઘૂમી શકે તે માટે સુરક્ષા વ્યવસ્થાને પ્રાથમિકતા આપવામાં આવી છે.

ગરબા દરમિયાન મહિલાઓ અને યુવતીઓની સુરક્ષા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મહિલા પોલીસ સાદા કપડાં અને યુનિફોર્મમાં તૈનાત રહેશે. આ ઉપરાંત, ટ્રેડિશનલ ડ્રેસમાં મહિલા પોલીસકર્મીઓની 'શી-ટીમ' ગરબા ગ્રાઉન્ડમાં સતત વોચ રાખશે. છેડતી, અસભ્ય વર્તન કે યુવતીઓને હેરાન કરનારા તત્ત્વો સામે સ્થળ પર જ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. નવરાત્રિ દરમિયાન સોશિયલ મીડિયા પર ધાર્મિક વૈમનસ્ય ફેલાવવાના પ્રયાસો અટકાવવા સાયબર ક્રાઈમ પોલીસ પણ સક્રિય રહેશે. દેવી-દેવતાઓ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી, અશ્લીલ સામગ્રી અથવા ધાર્મિક લાગણી દુભાય તેવા વીડિયો અને ઑડિયો વાયરલ કરનારાઓ પર નજર રાખવામાં આવશે. અફવા ફેલાવીને સામાજિક શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનાર સામે આઈટી એક્ટ સહિતના લાગુ કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાત પોલીસે નાગરિકોને કોઈ શંકાસ્પદ હિલચાલ જણાય અથવા કટોકટીની સ્થિતિ સર્જાય તો તાત્કાલિક સ્થાનિક પોલીસ કંટ્રોલ રૂમ અથવા ઈમરજન્સી હેલ્પલાઈન નંબર 112 પર સંપર્ક કરવા અપીલ કરી છે.

## મનપા ચૂંટણીનું આવતીકાલે મતદાન:સેક્ટર-15થી કડક સુરક્ષા વચ્ચે 39 રૂટ પર EVM સહિતની સામગ્રી રવાના

ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી પ્રક્રિયા માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે. 11 ઓક્ટોબરને રવિવારે સવારે 7 વાગ્યાથી શરૂ થનારા મતદાન માટે નાગરિકો પોતાના મતાધિકારનો સુગમતાથી ઉપયોગ કરી શકે તે હેતુથી ચૂંટણી તંત્ર સજ્જ બન્યું છે. મતદાન પ્રક્રિયા પૂર્વે જ આજે શહેરના તમામ બુથ સુધી પોલિંગ સ્ટાફ, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન, બેલેટ યુનિટ, કન્ટ્રોલ યુનિટ, મત કુટીર અને અન્ય જરૂરી ચૂંટણી સામગ્રી પહોંચાડવાની વ્યાપક કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ચૂંટણી સામગ્રી અને સ્ટાફની ફાળવણી તેમજ ડિસ્પેચિંગ કામગીરી માટે સેક્ટર-15 સ્થિત સરકારી વાણિજ્ય કોલેજને મુખ્ય કેન્દ્ર તરીકે પસંદ કરવામાં આવ્યું છે. અહીંથી મહાપાલિકાના તમામ 11 વોર્ડના કુલ 295 મતદાન મથકો સુધી સામગ્રી પહોંચાડવા માટે વહીવટી તંત્ર દ્વારા સુવ્યવસ્થિત આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. ચાંપતા પોલીસ બંદોબસ્ત વચ્ચે કુલ 39 વિશેષ રૂટ મારફતે ચૂંટણી ટુકડીઓ અને ઈવીએમ મશીનોને રવાના કરવામાં આવી રહ્યા છે. મનપાની ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ અને સુચારુ રીતે સંપન્ન થાય તે માટે કુલ 1570થી વધુ પોલિંગ સ્ટાફને કામગીરી સોંપવામાં આવી છે. પ્રત્યેક મતદાન મથક પર પાંચ સભ્યોની ટીમો તૈનાત રહેશે.

### નડિયાદના ચોક્સી બજારમાં ચકચાર

## ન્યુ આર્ટ જ્વેલર્સ બહાર વાહન પાર્ક બાબતે ચાર શખ્સોનો આંતક

નડિયાદ

નડિયાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધોળે દિવસે પડકાર ફેંકતો એક અત્યંત ગંભીર અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરના ધમધમતા અને વ્યસ્ત ગણાતા ચોક્સી બજાર વિસ્તારમાં આવેલી જાણીતી 'ન્યુ આર્ટ જ્વેલર્સ' દુકાનની બહાર વાહન પાર્ક કરવા જેવી સામાન્ય બાબતમાં ચાર ઉદ્ધત અને લુખ્ખા તત્વોએ બેફામ દાદાગીરી દાખવીને ખૂની હુમલો કર્યો હોવાની ઘટના બનતા ચકચાર મચી ગઈ છે. હુમલાખોરોએ આતંક મચાવતા સ્પષ્ટ ધમકી આપી હતી કે, 'અમે અહીંથી વાહન નહીં હટાવીએ, તારાથી જે થાય તે કરી લે!' મળતી વિગતો અનુસાર, નડિયાદના ચોક્સી બજાર સ્થિત ન્યુ આર્ટ જ્વેલર્સની દુકાન આગળ કેટલાક અસામાજિક તત્વોએ બેજવાબદાર રીતે પોતાનું વાહન પાર્ક કર્યું હતું. દુકાનની અવરજવર અને વ્યવસાયમાં અડચણરૂપ બનતા દુકાન સંચાલકોએ વિવેકપૂર્વક વાહન અન્યત્ર હટાવવા માટેની નમ્ર વિનંતી કરી હતી.



પરંતુ, પોતાની તાકાત અને ગુનાહિત માનસિકતાના નશામાં ચૂર થયેલા ચાર જેટલા શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ઉલટાના વેપારી સાથે બોલાચાલી કરીને આક્રમક બની ગયા હતા. વાત એટલી હદે વણસી ગઈ કે ઉશ્કેરાયેલા આ શખ્સોએ એકસંપ થઈને ન્યુ આર્ટ જ્વેલર્સ પર હલ્લો બોલાવી દીધો હતો અને દુકાનદાર તથા ત્યાં હાજર કર્મચારીઓ પર લાફા-મુક્કી તેમજ જીવલેણ હુમલો કર્યો હતો.

દિનદહાડે બજાર વચ્ચે આ પ્રકારે જાહેરમાં મારામારી અને આતંકની ઘટના બનતા આસપાસના વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મામલો થાળે પાડવાની તજવીજ હાથ ધરી હતી. પીડિત વેપારી દ્વારા આ ચારેય હુમલાખોર શખ્સો વિરુદ્ધ નડિયાદ પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

### રાજકોટના ગ્રામ હાટ કાર્યક્રમમાં પ્રોટોકોલના ધજાગરા

## મુખ્યમંત્રીના સ્વાગતમાં ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયાએ મારી બાજી

રાજકોટ

રાજકોટના ઐતિહાસિક રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'ગ્રામ હાટ' કાર્યક્રમ દરમિયાન એક એવો નજારો જોવા મળ્યો, જેણે રાજકીય બેડામાં ભારે ચર્ચા અને કુતૂહલ જગાવી દીધું છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું સ્વાગત કરવા માટે રાજકોટના મેયર સહિતના મહાનગરપાલિકાના ઉચ્ચ પદાધિકારીઓ અને અગ્રણીઓ ફૂલહાર સાથે ઉત્સાહભેર તૈયાર ઊભા હતા, પરંતુ ધોરાજી-ઉપલેટાના ઊર્જાવાન અને અતિ ઉત્સાહી ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયાની ઉતાવળના કારણે મેયર અને પદાધિકારીઓ મુખ્યમંત્રીનું સ્વાગત કરવાની તક ગુમાવી બેઠા હતા!

મળતી વિગતો અનુસાર, રાજકોટ રેસકોર્સ ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું આગમન થતાં જ સ્વાગત સત્કારનો કાર્યક્રમ શરૂ થયો હતો. નિયત પ્રોટોકોલ મુજબ સ્થાનિક મહાનગરપાલિકાના મેયર અને અન્ય પદાધિકારીઓ મુખ્યમંત્રીને આવકારવા માટે પોતાના હાથમાં પુષ્પગુચ્છ અને ફૂલહાર લઈને આગળ વધવાની તૈયારીમાં જ હતા. પરંતુ, ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયાએ પોતાની આગવી ઉતાવળ અને સક્રિયતા દાખવતા પદાધિકારીઓને મોકા પર જ પાછળ રાખી દીધા અને ઉતાવળમાં આગળ વધીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ફૂલહાર પહેરાવીને તેમનું ભવ્ય સન્માન કરી નાખ્યું. ધારાસભ્યની આ ફાસ્ટ અને અણધારી ઉતાવળ જોઈને મેયર અને મનપાના અન્ય પદાધિકારીઓ માત્ર જોતા જ રહી ગયા અને તેમની સ્વાગત કરવાની તમામ તૈયારીઓ ધરી રહી ગઈ હતી.

આ ઘટનાસ્થળ પર બનેલા આ હાસ્યાસ્પદ દૃશ્યો જોઈને કાર્યક્રમમાં ઉપસ્થિત અન્ય નેતાઓ અને કાર્યકરોમાં પણ ગણગણાટ શરૂ થઈ ગયો હતો. જાહેરમાં સત્તાવાર પ્રોટોકોલ અને સંકલનનો સ્પષ્ટ અભાવ જોવા મળ્યો હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના પ્રથમ નાગરિક ગણાતા મેયર અને પદાધિકારીઓ પોતાની તૈયારી સાથે ઊભા હોવા છતાં એક ધારાસભ્યની ઉતાવળના કારણે સાઈડલાઈન થઈ જવાની આ ઘટના હાલ રાજકોટના રાજકારણમાં ભારે કુતૂહલ અને મનોરંજનનો વિષય બની ગઈ છે.

## *નવરાત્રિ : ભક્તિનો રંગ, શક્તિનો સંગ અને સંસ્કૃતિનો ઉમંગ*

ભચાઉ, રૂપેશ સોલંકી

"ગરબાના તાલે ઝૂમે ગુજરાતની ધરતી,
માતાજીની ભક્તિમાં ખીલે શ્રદ્ધાની વૃત્તિ;
દીવડાની જ્યોતમાં ઝળહળે આસ્થા અપાર,
નવરાત્રિ છે સંસ્કૃતિ અને શક્તિનો તહેવાર."

ભારતીય સંસ્કૃતિના રંગમંચ પર નવરાત્રિ ભક્તિ, શક્તિ, સંસ્કાર અને આનંદનો અદ્વિતીય મહોત્સવ છે. નવ રાત્રિઓનો આ પવિત્ર પર્વ માત્ર માતા દુર્ગાની આરાધના પૂરતો સીમિત નથી, પરંતુ જીવનમાં સત્ય, સાહસ અને સદાચારનો પ્રકાશ પ્રગટાવવાનો સંદેશ પણ આપે છે.

ગુજરાતની ધરતી પર નવરાત્રિની વાત આવે એટલે રંગબેરંગી ચણિયાચોળી, પરંપરાગત કેડિયાં, ઢોલના તાલ અને ગરબાના મોહક નાદથી વાતાવરણ ગુંજી ઊઠે છે. ગરબો માત્ર નૃત્ય નથી, પરંતુ આપણી લોકસંસ્કૃતિ, સામૂહિક એકતા અને શ્રદ્ધાનું જીવંત પ્રતીક છે. આજે ગુજરાતનો ગરબો દેશ-વિદેશમાં પણ પોતાની આગવી ઓળખ ઊભી કરી રહ્યો છે.

નવરાત્રિ આપણને નારીશક્તિના સન્માનનો મહત્ત્વપૂર્ણ સંદેશ આપે છે. એક તરફ આપણે માતાજીની પૂજા કરીએ અને બીજી તરફ દીકરીઓ તથા મહિલાઓને સમાન સન્માન ન આપીએ, તો આપણી આરાધના અધૂરી રહે છે. દીકરીઓને શિક્ષણ, મહિલાઓને સુરક્ષા અને દરેક નારીને સન્માન મળે, ત્યારે જ શક્તિની ઉપાસના સાચા અર્થમાં સાર્થક બને છે.

આધુનિકતાના પ્રવાહમાં નવરાત્રિની ઉજવણી ભવ્ય બની છે, પરંતુ તેની સાથે પરંપરા, શાલીનતા અને સંસ્કાર જાળવવા પણ એટલા જ જરૂરી છે. યુવા પેઢીને ગરબાનાં પગલાંની સાથે તેની પાછળ રહેલી શ્રદ્ધા અને સંસ્કૃતિનો વારસો સમજાવવો એ આપણી સામૂહિક જવાબદારી છે.

નવરાત્રિનો સાચો આધ્યાત્મિક અર્થ પોતાના અંતરમાં રહેલા ક્રોધ, અહંકાર, ઈર્ષ્યા અને દ્વેષ જેવા દુર્ગુણોનો નાશ કરવામાં છે. માતાજીના ચરણોમાં દીવો પ્રગટાવવાની સાથે કોઈના જીવનમાં આશાનો દીપ પ્રગટાવીએ, જરૂરિયાતમંદને સહાય કરીએ અને સમાજમાં પ્રેમ તથા માનવતાનો પ્રકાશ ફેલાવીએ–ત્યારે જ આ પર્વની સાર્થકતા સિદ્ધ થાય છે.

*ચાલો, આ નવરાત્રિએ સંકલ્પ કરીએ કે ભક્તિની સાથે માનવતા, પરંપરાની સાથે સંસ્કાર અને શક્તિની સાથે નારીસન્માનને જીવનનો અભિન્ન ભાગ બનાવીશું.*

નવરાત્રિનો સાચો ઉત્સવ ત્યારે જ ઉજવાય છે, જ્યારે ગરબાના તાલ સાથે હૃદયમાં શ્રદ્ધા જાગે, જીવનમાં સદાચાર ખીલે અને સમગ્ર સમાજમાં એકતા તથા સદ્ભાવનાનો પ્રકાશ પથરાય.

*જય માતાજી!*

ખેડૂતને આશ્વાસન નહીં સહારો અને જાહેરાત નહીં રાહત જોઈએ

# અમરેલીમાં કપાસના સત્યાનાશ વચ્ચે શંકરસિંહ વાઘેલાનો સરકાર પર આકરો પ્રહાર

અમરેલી

રાજ્યના કૃષિ ક્ષેત્રે સર્જાયેલી ગંભીર સ્થિતિ અને ખેડૂતોની બહાલ હાલતને લઈને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા 'બાપુ'એ ગુજરાત સરકાર સામે મોરચો મંડ્યો છે. અમરેલી પંથકની મુલાકાત દરમિયાન ખેતરોમાં બરબાદ થયેલા કપાસના પાક અને દેવાદાર બનેલા જગતના તાતની દર્દનાક વ્યથા જોઈને બાપુએ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે રાજ્યમાં તાત્કાલિક અસરથી 'દુષ્કાળ' જાહેર કરવાની અને ખેડૂતોના દેવા સંપૂર્ણપણે માફ કરવાની બુલંદ માંગ કરી છે.



બાપુએ પોતાની વ્યથા વ્યાક્ત કરતા જણાવ્યું કે, અમરેલી તરફ આવતાં રસ્તાની બંને બાજુ પથરાયેલા ખેતરોમાં કપાસના પાકની સ્થિતિ જોઈને હૃદય દ્રવી ઉઠે છે. રસ્તામાં મળેલા સ્થાનિક ખેડૂત ભાઈઓએ જ્યારે પોતાની આપવીતી જણાવી અને સુકાઈ ગયેલા તથા કીટકોના ઉપદ્રવથી નષ્ટ થયેલા પાકની હાલત બતાવી, ત્યારે સરકારી દાવાઓની વાસ્તવિકતા છતી થઈ ગઈ હતી. ખેડૂતોએ પોતાનું આખું વર્ષ, પરસેવાની કમાણી, મોંઘા બિયારણ-ખાતરની મૂડી અને પરિવારના ભવિષ્યની આશાઓ આ પાકમાં રોકી દીધી હતી, પરંતુ આજે પાક નિષ્ફળ જતાં ખેડૂતો આર્થિક તબાહીના આરે આવીને ઊભા રહ્યા છે.

સરકાર સામે મૂકેલી આકરી અને સ્પષ્ટ માંગણીઓ:

૧. તાત્કાલિક દુષ્કાળની જાહેરાત: રાજ્યના અનેક વિસ્તારોમાં પાકની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર તાત્કાલિક અસરથી સમગ્ર વિસ્તારમાં કે રાજ્યના અસરગ્રસ્ત ભાગોમાં દુષ્કાળ જાહેર કરે.

૨. પાક નુકસાનીનું વળતર અને દેવામાફી: માત્ર કાગળ પરના સર્વે બંધ કરીને ખેડૂતોને પાક નુકસાનીનું યોગ્ય અને વાસ્તવિક આર્થિક વળતર ચૂકવવામાં આવે. આ સાથે જ દેવાના ડૂબણમાં ફસાયેલા ખેડૂતોના તમામ કૃષિ દેવા તાત્કાલિક માફ કરવા અંગે સંવેદનશીલ નિર્ણય લેવાય.

૩. કૃષિ સહાયનું પેકેજ: ખેતીને ફરી ધબકતી કરવા માટે બિયારણ, ખાતર અને વીજળીમાં જરૂરી કૃષિ સહાય આપવાની જાહેરાત કરવામાં આવે.

શંકરસિંહ વાઘેલાએ સરકારની નીતિઓ સામે તીખો આક્રોશ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, 'સરકાર દરરોજ કરોડો રૂપિયા પોતાની વાહવાહ લૂંટતી વિવિધ જાહેરાતો, કાર્યક્રમો અને પ્રચાર-પ્રસંગો પાછળ પાણીની જેમ વહાવી રહી છે. જો સરકાર આ અંધાધૂંધ ખર્ચમાં થોડો પણ ઘટાડો કરે અને એ જ નાણાં સંકટમાં મુકાયેલા ખેડૂતોની મુશ્કેલીઓ દૂર કરવા માટે ફાળવે, તો આજે બરબાદીના આરે પહોંચેલા હજારો ખેડૂત પરિવારોને સાચો આશરો મળી શકે.' બાપુએ ગંભીર ચેતવણી આપતા જણાવ્યું હતું કે, ખેડૂત બચશે તો જ ગુજરાતની અર્થવ્યવસ્થા મજબૂત રહેશે. આજે જગતના તાતને સરકારી કાગળ પરના આશ્વાસનની નહીં પરંતુ નક્કર સહારાની જરૂર છે.

## ગુજરાત પોલીસ ભરતીમાં માજી અગ્નિવીરો માટે ઐતિહાસિક નિર્ણય

20% અનામત સાથે શારીરિક અને લેખિત પરીક્ષામાંથી પણ સંપૂર્ણ મુક્તિ

ગાંધીનગર

દેશની સરહદો પર સૈન્ય સેવા આપીને પરત ફરેલા યુવાનો માટે ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને ઉત્સાહવર્ધક નિર્ણય લેવામાં આવ્યો છે. સત્તાવાર ગેઝેટ નોટિફિકેશન અનુસાર, પોલીસ વિભાગની સીધી ભરતીમાં માજી અગ્નિવીરો માટે વિશેષ રાહતો અને અનામતની જોગવાઈઓ લાગુ કરવામાં આવી છે, જેનાથી ગુજરાતના યુવાનોને પોલીસદળમાં જોડાઈને રાજ્યની સેવા કરવાનો સરળ માર્ગ ખુલી ગયો છે. ભારતીય સેનામાંથી પોતાની સેવા સફળતાપૂર્વક પૂર્ણ કરીને પરત ફરેલા ગુજરાતના મૂળ અગ્નિવીરો માટે પોલીસ વિભાગના ભરતી નિયમોમાં મોટા સુધારા કરવામાં આવ્યા છે.

મુખ્ય જોગવાઈઓ અને માજી અગ્નિવીરોને મળવાપાત્ર વિશેષ લાભો: ગુજરાત સરકારના ગૃહ વિભાગના આ નિર્ણય મુજબ, પોલીસ વિભાગની તમામ યુનિફોર્મવાળી જગ્યાઓ પર સીધી ભરતીમાં માજી અગ્નિવીરો માટે ૨૦% હોરિઝોન્ટલ અનામતની કડક અને સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે, જેથી તેમની બેઠકો સુરક્ષિત રહે.

શારીરિક અને લેખિત પરીક્ષામાંથી સંપૂર્ણ મુક્તિ:

માજી અગ્નિવીરો માટે ભરતી પ્રક્રિયાને અત્યંત સરળ બનાવવામાં આવી છે. અગાઉ જુલાઈ ૨૦૨૬ના નોટિફિકેશન મુજબ તેમને શારીરિક ક્ષમતા કસોટી (પીઈટી - PET) માંથી મુક્તિ આપવામાં આવી હતી. ત્યારબાદ તાજેતરના ૯ ઓક્ટોબર, ૨૦૨૬ ના મહત્વના સુધારા અનુસાર, હવે માજી અગ્નિવીરોને સીધી ભરતીની લેખિત પરીક્ષામાંથી પણ સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે.

ડભોઈના સાઠોદ નજીક કાળમુખી કારે લીધો યુવાનનો ભોગ

## સિંધિયાપુરાનો આશાસ્પદ યુવક બન્યો અકસ્માતનો ભોગ, પરિવારમાં અરેરાટી

ડભોઈ

ડભોઈ પંથકમાં માર્ગ અકસ્માતોની વણઝાર યથાવત રહી છે અને વધુ એક માસુમ અને નિર્દોષ યુવાને અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ડભોઈ તાલુકાના સાઠોદ ગામ નજીક પૂરપાટ ઝડપે દોડતી એક અજાણી કાર અને મોટરસાઈકલ વચ્ચે સર્જાયેલા અત્યંત ગમખ્વાર અને ભયાનક અકસ્માતમાં બાઈકચાલક ત્રીસ વર્ષીય યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે શોક અને રોષની લાગણી વ્યાપી ગઈ છે.



મળતી વિગતો અનુસાર, ડભોઈ તાલુકાના સિંધિયાપુરા ગામમાં રહેતો ત્રીસ વર્ષીય સાજીદ હુસેન ધીરુભાઈ સિંધી નામનો યુવાન પોતાની મોટરસાઈકલ લઈને ડભોઈથી સેગવા તરફ જઈ રહ્યો હતો. તે દરમિયાન સાઠોદ ગામ પાસેથી પસાર થતી વેળાએ સામેથી પૂરઝડપે અને બેફામ ગતિએ આવી રહેલી એક અજાણી કારે તેની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી બધી પ્રચંડ અને ભયાનક હતી કે સાજીદ હુસેન રોડ પર ફંગોળાઈ ગયો હતો અને તેને માથા તથા શરીરના મહત્વના ભાગોમાં ગંભીર અને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાયો તે જ સમયે ડભોઈ સ્થિત ઉમા હોસ્પિટલના તબીબો પોતાની એમ્બ્યુલન્સ લઈને કરનાળી ખાતે યોજાનાર એક વિશેષ આરોગ્ય કેમ્પમાં જવા માટે રવાના થયા હતા. માર્ગ પર લોહીલુહાણ હાલતમાં પડેલા યુવાનને નજરે જોતા જ તબીબોએ ત્વરિત માનવતા દાખવીને પોતાની એમ્બ્યુલન્સ તાત્કાલિક થંભાવી દીધી હતી. તેઓએ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર ગંભીર રીતે ઘવાયેલા સાજીદને પોતાની એમ્બ્યુલન્સમાં બેસાડીને તાત્કાલિક સારવાર અર્થે ડભોઈ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. જોકે, હોસ્પિટલ પહોંચે અને તબીબી સારવાર શરૂ થાય તે પૂર્વે જ રસ્તામાં જ ગંભીર ઈજાઓના કારણે યુવાને દમ તોડી દીધો હતો.

આ અકસ્માત સર્જ્યા બાદ નિર્દયી કારચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે મૂકી કે ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ ડભોઈ પોલીસ મથકનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે તેમજ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

## વડતાલમાં ખેડા-નડિયાદ LCBનો સપાટો: બાજરીના ખેતરમાંથી 72 હજારથી વધુનો વિદેશી દારૂ જપ્ત

નડિયાદ

ખેડા જિલ્લાના ધાર્મિક ધામ વડતાલ અને આસપાસના વિસ્તારમાં ગેરકાયદે વિદેશી દારૂનું નેટવર્ક ચલાવતા બુટલેગરો સામે ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચે (LCB) લાલ આંખ કરી છે. વડતાલ નજીક કિશોરપુરા કાંસના ગરનાળા પાસે બાજરીના ખેતરમાં સંતાડી રાખેલો વિદેશી દારૂનો મોટો જથ્થો પોલીસે દરોડો પાડીને ઝડપી પાડ્યો છે. જોકે, પોલીસના કાફલાને દુરથી જોઈ જતાં જ નામચીન બુટલેગર શૈલેષ ઉર્ફે ગીધડો સ્થળ પરથી અંધારા અને ખેતરનો લાભ ઉઠાવીને ફરાર થઈ ગયો હતો.




મળેલી ચોક્કસ બાતમીના આધારે ખેડા-નડિયાદ એલસીબી પોલીસે કિશોરપુરા કાંસના ગરનાળા નજીક આવેલા બાજરીના ખેતરમાં અચાનક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. બુટલેગર શૈલેષ ઉર્ફે ગીધડો જગદીશભાઈ પરમારે વેચાણ અર્થે બાજરીના ઊભા મોલ વચ્ચે છુપાવી રાખેલી વિદેશી દારૂની વિભિન્ન બ્રાન્ડની બોટલો અને ક્વાર્ટરિયા શોધી કાઢવામાં આવ્યા હતા. બાજરીના ખેતરમાં દારૂનો જથ્થો ગોઠવીને ગ્રાહકોની રાહ જોઈ રહેલો શૈલેષ ઉર્ફે ગીધડો પોલીસની ગાડીઓ આવતા જ સાવચેત થઈ ગયો હતો. પોલીસની ટીમ ખેતરમાં પહોંચે તે પહેલા જ ગીધડો પગપાળા ભાગી છૂટ્યો હતો.

ઘોર અંધારપટને લીધે સર્જાયાનો સ્થાનિકોનો આક્રોશ

## ડભોઈ-તરસાણા ચોકડી પર વહેલી સવારે રેતી ભરેલી ડમ્પર-ટ્રક પલટી : બે ઈજાગ્રસ્ત

ડભોઈ

ડભોઈ નજીક આવેલ અત્યંત વ્યસ્ત અને અતિ સંવેદનશીલ ગણાતી તરસાણા ચોકડી ખાતે આજે વહેલી સવારે એક ગમખ્વાર અને ભયાનક અકસ્માત સર્જાયો હતો. ડભોઈ તરફથી પુરપાટ ઝડપે આવી રહેલી રેતી ભરેલી એક ટ્રક અચાનક કાબૂ બહાર જતાં ધડાકાભેર રોડ પર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત એટલો પ્રચંડ હતો કે ઘડીભર માટે માર્ગ પર ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ટ્રકમાં સવાર બે વ્યક્તિઓને શારીરિક ઈજાઓ પહોંચી હતી. સદનસીબે વહેલી સવારનો સમય હોવાથી અને રોડ પર ટ્રાફિકનું પ્રમાણ નહિવત હોવાના કારણે સદ્ભાગ્યે કોઈ મોટી જાનહાનિ નોંધાઈ ન હતી, પરંતુ એક મોટો અકસ્માત થતાં થતાં રહી ગયો હતો.



ઈજાગ્રસ્તોને તાત્કાલિક સ્થાનિકોની મદદથી નજીકની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

તરસાણા ચોકડી એ માત્ર સ્થાનિક માર્ગ નથી પરંતુ દરરોજ હજારો નાના-મોટા વાહનોની અવરજવર ધરાવતો અત્યંત મહત્વપૂર્ણ સ્ટેટ હાઈવેનો મુખ્ય પોઈન્ટ છે. આટલી મહત્વની ચોકડી હોવા છતાં અહીં રાત્રિના સમયે યોગ્ય પ્રકાશ અને સુરક્ષાની કોઈ વ્યવસ્થા નથી. અગાઉ તંત્ર દ્વારા લાખોના ખર્ચે સોલાર હાઈમાસ્ટ અને સોલાર લાઈટો મુકવામાં આવી હતી, પરંતુ સરકારી જાળવણી અને દેખરેખના અભાવે આ તમામ સોલાર લાઈટો લાંબા સમયથી સંપૂર્ણપણે બંધ હાલતમાં શોભાના ગાંઠિયા સમાન પડી રહી છે. રાત્રિના સુમારે આખી ચોકડી પર કાળો ડિબાંગ અંધારપટ છવાઈ જાય છે, જેના કારણે ચોકડી પરથી પસાર થતાં વાહનચાલકોને વળાંક કે સામેથી આવતા અન્ય વાહનો દેખાતા જ નથી.

ટીલની કોઈલ અને શીટની આડમાં

## કરોડોનો ઘાતક નશાનો કારોબાર પકડાયો: ખેડા-ધોળકા હાઈવે પરથી 696 કિલો પોસડોડા સાથે ટ્રક ઝડપાઈ

ધોળકા

ગુજરાતમાં નશાના કારોબારો સામે પોલીસ દ્વારા સતત સપાટો બોલાવવામાં આવી રહ્યો છે, ત્યારે અમદાવાદ ગ્રામ્ય પોલીસની એસ.ઓ.જી. (SOG) અને એન્ટી નાર્કોટિક્સ વિંગે એક અત્યંત ચોંકાવનારો પર્દાફાશ કર્યો છે. સ્ટીલની કોઈલ અને ભારેખમ લોખંડની શીટના કન્સાઈનમેન્ટની



આડમાં અત્યંત ચાલાકીપૂર્વક છુપાવીને લઈ જવામાં આવતો લાખો રૂપિયાનો નશીલા પદાર્થ 'પોસડોડા'નો મસમોટો જથ્થો ઝડપાઈ જતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. અમદાવાદ ગ્રામ્ય એસ.ઓ.જી.ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે એક ટ્રક-ટ્રેલરમાં મોટા પ્રમાણમાં પ્રતિબંધિત માદક પદાર્થની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે પોલીસે ખેડા-ધોળકા હાઈવે પર સઘન વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા ટ્રક-ટ્રેલર (નંબર RJ-19-GC-5486) ને રોકીને તલાશી લેવામાં આવી હતી. પોલીસે જ્યારે ટ્રકની અંદર તપાસ કરી ત્યારે અધિકારીઓની આંખો ફાટી ગઈ હતી. ટ્રકમાં ઔદ્યોગિક ઉપયોગ માટેની સ્ટીલની કોઈલ અને લોખંડની શીટો વ્યવસ્થિત ગોઠવવામાં આવી હતી, પરંતુ તેની બરાબર આડમાં અને નીચે ખુબ જ ચાલાકીથી પોસડોડા ભરેલા કુલ 35 કોથળા છુપાવવામાં આવ્યા હતા.

## શંકરસિંહ વાઘેલા શું કોંગ્રેસ અને આપનું ગઠબંધન કરાવશે? અમરેલીમાં પરેશ ધાનાણીના નિવેદન પર બાપુનો ચોંકાવનારો જવાબ

અમરેલી

ગુજરાતના રાજકારણમાં ક્યારે શું બદલાવ આવશે અને કયા દિગ્ગજ નેતાઓ ક્યારે હાથ મિલાવશે તેનો અંદાજો લગાવવો મુશ્કેલ છે. હાલમાં અમરેલીમાં બનેલી એક ઘટનાએ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ખુંખાર રાજકારણી ગણાતા શંકરસિંહ વાઘેલા (બાપુ) અને કોંગ્રેસના મજબૂત તેમજ લોકપ્રિય નેતા પરેશ ધાનાણી વચ્ચે થયેલી વાતચીતના અંશો અને સંકેતો હવે મોટા રાજકીય સમીકરણો તરફ ઈશારો કરી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અમરેલીમાં એક રાજકીય કે સામાજિક પ્રસંગ કે બેસણા દરમિયાન ગુજરાતના દિગ્ગજ નેતાઓ એકઠા થયા હતા. આ દરમિયાન કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સમક્ષ એક હળવાશભર્યા પણ ગંભીર અંદાજમાં એવો નિર્દેશ કર્યો કે, 'તમે ગઢવીનો કાન પકડો.' અહીં 'ગઢવી' શબ્દ આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવી તરફ ઈશારો કરતો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ વાતના જવાબમાં બાપુ શંકરસિંહ વાઘેલાએ પોતાની આગવી અને મજાકિયા કે તાબડતોબ અંદાજમાં કહ્યું કે, 'પતી જશે. વાંધો નહીં આવે.'

શંકરસિંહ વાઘેલા અને પરેશ ધાનાણી વચ્ચેની આ ગુપ્ત કે સાર્વજનિક ચર્ચાને સામાન્ય વાત તરીકે ન લેતા રાજકીય વિશ્લેષકો તેને આગામી દિવસોમાં ગુજરાતમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) વચ્ચેના સંભવિત ગઠબંધન કે રાજકીય રણનીતિના મોટા સંકેત તરીકે જોઈ રહ્યા છે. શું શંકરસિંહ વાઘેલા વિપક્ષી દળોને એક છત્ર હેઠળ લાવવા માટે કોઈ મોટી ભૂમિકા ભજવવા જઈ રહ્યા છે?

પરેશ ધાનાણીની આ ટકોર પાછળ ભાજપ વિરુદ્ધ કોઈ મોટું રણનીતિક આયોજન છે?

પત્રકારત્વની આડમાં બ્લેકમેલિંગનો નાગચૂડ

## ખેડાના કઠલાલના પીઠાઈ ગામે વેપારી પાસે 40 હજારની ખંડણી માંગનાર ત્રણ ઝડપાયા

ખેડા

ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના પીઠાઈ ગામે પત્રકારત્વની પવિત્ર આડમાં ચાલતા ડાકુઓ જેવા તોડબાજી અને બ્લેકમેલિંગના એક અત્યંત શરમજનક અને ચોંકાવનારા કિસ્સાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે. પીઠાઈ ગામના એક અનાજના વેપારીને ખોટા વીડિયો વાયરલ કરવાની અને બદનામ કરવાની ધમકી આપીને રૂ. ૪૦,૦૦૦ની માતબર રકમની ખંડણી માંગવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. એટલું જ નહીં, રૂપિયા કઢાવવા માટે વેપારી સાથે મારામારી કરીને તેમના કર્મચારીને પણ ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી




હોવાની સત્તાવાર વિગતો બહાર આવી છે. મળતી વિગતો અનુસાર, આરોપીઓ દ્વારા પીઠાઈ ગામે અનાજનો વેપાર કરતા એક વેપારીના ગોડાઉનને લગતી બાબતોને કેમેરામાં કેદ કરીને તે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દેવાની ધમકી આપવામાં આવી હતી. 'પત્રકાર' હોવાની ખોટી ઓળખ આપીને આ શખ્સો લાંબા સમયથી વેપારીઓ અને નિર્દોષ નાગરિકો પાસેથી તોડબાજી કરતા હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. આ કેસમાં આરોપીઓએ વેપારી પર દબાણ વધારીને ૪૦ હજાર રૂપિયાની ખંડણીની માંગણી કરી હતી અને વિરોધ કરવા પર વેપારી તથા ત્યાં હાજર કર્મચારી સાથે મારપીટ પણ કરી હતી. આ સમગ્ર મામલે ભોગ બનનાર વેપારી દ્વારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવતાં જ પોલીસ હરકતમાં આવી ગઈ હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આ ગુનામાં સંડોવાયેલા સંજય પાંડે અને મધુબેન નામના બે આરોપીઓને દબડી દઈને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. પરંતુ આ કેસનો મુખ્ય આરોપી અંકિત વ્યાસ પોલીસની પકડથી બચવા માટે નવું જ નાટક રચવા લાગ્યો હતો.

## માતા-પિતાના ઝઘડામાં માસૂમ પુત્રને 'મોહરો' ન બનાવી શકાય: ગુજરાત HCનો ઐતિહાસિક અને સણસણતો ચુકાદો

ગાંધીનગર ફેમિલી કોર્ટના ચુકાદાને વડી અદાલતે રાખ્યો અકબંધ: બાળકના ભવિષ્ય અને માનસિક સ્વાસ્થ્યને ગણાવ્યું સર્વોપરી

ગાંધીનગર

વૈવાહિક વિવાદો અને પતિત-પત્ની વચ્ચેના કડવાશભર્યા કાનૂની જંગમાં માસૂમ બાળકોનો દૂષિત ઉપયોગ કરનારા તત્વો માટે ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ, ચક્ષુખોલક અને ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો છે. હાઈકોર્ટે અતિ શાનદાર અવલોકન કરતા સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું છે કે, પતિ-પત્નીના વૈવાહિક ઝઘડામાં માતા પર વ્યભિચાર (અનૈતિક સંબંધો) જેવા ગંભીર આક્ષેપો સાબિત કરવા માટે પોતાના જ માસૂમ બાળકને સાધન કે 'મોહરા' (Pawn) તરીકે ક્યારેય વાપરી શકાય નહીં.

આ ચર્ચાસ્પદ અને સંવેદનશીલ કેસની વિગત એવી છે કે ગાંધીનગર ફેમિલી કોર્ટમાં પતિ-પત્ની વચ્ચે વૈવાહિક વિવાદનો કેસ પેન્ડિંગ હતો. આ કાનૂની જંગ દરમિયાન પતિએ પોતાની પત્ની પર વ્યભિચારના ગંભીર આરોપો મૂક્યા હતા. પોતાના આ આક્ષેપોને અદાલતમાં સાબિત કરવા માટે પિતાએ તમામ નૈતિક સીમાઓ ઓળંગીને પોતાના જ ૧૬ વર્ષના સગીર પુત્રને સાક્ષી તરીકે કઠોડામાં ઊભો કરવાની અને તેની તપાસ કરવાની માગણી કરતી અરજી અરજદારે ફેમિલી કોર્ટમાં દાખલ કરી હતી.

જોકે, ગાંધીનગર ફેમિલી કોર્ટે આ મામલે અત્યંત સંવેદનશીલ અને ગંભીર વલણ અપનાવતા પતિની આ અરજીને સ્પષ્ટપણે ફગાવી દીધી હતી. ફેમિલી કોર્ટે ખૂબ જ ધારદાર અવલોકન કર્યું હતું કે, માતા-પિતાના વિવાદમાં ૧૬ વર્ષના સગીર વયના બાળકને અદાલતના સાક્ષી બોક્સમાં લાવવાથી તેના માનસિક કોમળ મન, અંગત જીવન અને શૈક્ષણિક ભવિષ્ય પર કાયમી ધોરણે ગંભીર નકારાત્મક અસરો પડી શકે છે.

ફેમિલી કોર્ટના આ આદેશથી અસંતોષ્ટ થયેલા પતિએ ગાંધીનગર કોર્ટના નિર્ણયને ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જોકે, હાઈકોર્ટે પણ ફેમિલી કોર્ટના આદેશને આબેહૂબ અને સંપૂર્ણ રીતે યોગ્ય ઠેરવીને પતિની અરજીને આકરા શબ્દોમાં ફગાવી દીધી હતી.

હાઈકોર્ટે ચુકાદો આપતા નોંધ્યું હતું કે, સત્તા અને પર્સનલ વિવાદોની લડાઈમાં બાળકોનું હિત અને તેમની ગરિમા (Dignity) સૌથી ઉપર છે. માતા-પિતા પોતાના સ્વાર્થ કે આક્ષેપો સાબિત કરવા માટે બાળકને કોર્ટ-કચેરીના આંટાફેરામાં ધકેલીને તેની માનસિક સ્થિતિ સાથે રમત રમી શકે નહીં. બાળકના મનોજગત અને ઉજ્જવળ ભવિષ્યની રક્ષા કરવી એ અદાલતની પ્રાથમિકતા છે. ગુજરાત હાઈકોર્ટના આ અતિ મહત્વના નિર્ણયથી એવા કિસ્સાઓ પર લગામ કસાશે જેમાં પતિ કે પત્ની એકબીજા સામેનો વેરભાવ વસૂલવા માટે માસૂમ બાળકોને કાનૂની દાવપેચનું હથિયાર બનાવે છે.

## તંત્રી લેખ...

# આપણે કેવા નેતાઓના હાથમાં દેશની લગામ સોંપી છે?

આજનું ભારત કઈ દિશામાં ધકેલાઈ રહ્યું છે અને આપણી લોકશાહીનું અસલી સ્વરૂપ ક્યાં જઈને અટકશે, તે આજે દેશના દરેક જાગૃત નાગરિક માટે અત્યંત ગંભીર અને ચિંતાજનક પ્રશ્ન બની ગયો છે. તાજેતરમાં ૧૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ દેશની રાજધાની દિલ્હીના ઐતિહાસિક જંતરમંતર ખાતે ચૂંટણી કમિશનરની શંકાસ્પદ કાર્યશૈલી અને લોકશાહી વિરોધી નિર્ણયો સામે શાંતિપૂર્ણ વિરોધ નોંધાવવા જઈ રહેલા દેશના ભવિષ્ય સમાન યુવાનો, ખેડૂતો અને વિદ્યાર્થીઓ સામે શાસકોએ જે પ્રકારનું દમનચક્ર ચલાવ્યું છે, તેણે બ્રિટિશ હકુમતની તાનાશાહી અને ગુલામીની કાળી યાદો તાજી કરાવી દીધી છે. જે યુવાનોના હાથમાં આપણો ત્રિરંગો રાષ્ટ્રધ્વજ છે અને જેમની આંખોમાં દેશના ઉજ્જવળ ભવિષ્યના સ્વપ્નો છે, તેમની સાથે વર્તમાન સત્તાધીશો દ્વારા કરવામાં આવી રહેલો આ અમાનવીય અને ક્રૂર વ્યવહાર અસહ્ય અને કાળજું કંપાવી દેનારો છે.

ચૂંટણી પંચના મનસ્વી વલણ અને કરતૂતો સામે જનતાનો અવાજ બુલંદ ન થાય તે માટે સમગ્ર દિલ્હીને જાણે છાવણીમાં ફેરવીને અભેદ્ય કિલ્લો બનાવી દેવામાં આવ્યું છે. લોકશાહીમાં નાગરિકોના અવાજને દબાવવા માટે દિલ્હી તરફ આવતી તમામ મહત્ત્વની ટ્રેનો અચાનક રદ્દ કરી દેવામાં આવી છે અને સામાન્ય જનતાની અવરજવર રોકવા માટે દિલ્હીના ૫૭ જેટલા મેટ્રો સ્ટેશનોના દરવાજા સીલ કરી દેવાયા છે. એટલું જ નહીં, જંતરમંતર તરફ જતા તમામ મુખ્ય માર્ગો પર ત્રણથી ચાર સ્તરમાં મજબૂત કોંક્રિટના બેરિકેડ્સ ઊભા કરીને તેની ઉપર ચામડી ચીરી નાખે તેવા ભયાનક અને કાંટાળા તાર ગોઠવી દેવામાં આવ્યા છે. લોકશાહીના ચોથા સ્તંભ સમાન પ્રજા જ્યારે પોતાના અધિકારો માટે શેરીઓમાં ઊતરે ત્યારે તેને રોકવા માટે સેના કે સરહદ જેવા કાંટાળા તારનો ઉપયોગ કરવો એ વાત જ તમ્મર લાવી દે તેવી છે. પોતાના જ દેશના નાગરિકો સામે આટલી હદે દ્વેષપૂર્ણ વ્યવહાર કદાચ પહેલાં



ક્યારેય જોવામાં આવ્યો નથી.

શાસકોએ આ વિરોધ પ્રદર્શનને કચડી નાખવા માટે શામ, દામ, દંડ અને ભેદની તમામ નીતિઓ અજમાવી દીધી છે. યુવાનો અને વિદ્યાર્થીઓને એકઠા થતાં રોકવા માટે કાયદાનો દુરુપયોગ કરીને BNSS (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા) ની કલમ-૧૬૩ (પૂર્વવર્તી CrPC કલમ-૧૪૪) નો હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે અને એક જ જગ્યાએ ચાર કે તેથી વધુ વ્યક્તિઓના એકત્ર થવા પર સખત પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે.

પરંતુ અહીં સૌથી મોટો અને કડવો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે દેશમાં કાયદો અને વ્યવસ્થાના આ કડક નિયમો માત્ર સામાન્ય જનતા, નિર્દોષ વિદ્યાર્થીઓ અને આંદોલનકારીઓ માટે જ બનાવાયા છે? એક તરફ દેશના બંધારણીય અધિકારો માટે અહિંસક વિરોધ કરનારા યુવાનોની ધડપકડ કરવામાં આવી રહી છે, તો બીજી તરફ સત્તાપક્ષ સાથે સંકળાયેલા RSS, BJP, VHP, ABVP અને બજરંગદળ જેવા સંગઠનોના કાર્યકરો ખુલ્લેઆમ હાથમાં ડંડા અને લાકડીઓ લઈને આંદોલનકારીઓને મારઝૂડ કરવા માટે એકઠા થઈ રહ્યા છે. સોશિયલ મીડિયાના માધ્યમથી ખુલ્લેઆમ હિંસા ફેલાવવાની અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી રહી છે, છતાં દિલ્હી પોલીસ સંપૂર્ણપણે મૂકપ્રેક્ષક બનીને તમાશો જોઈ રહી છે. કાયદાનું રક્ષણ કરવાનો દાવો કરતી પોલીસ સત્તાપક્ષના ગુંડાઓ સામે આંખ આડા કાન કરી રહી છે. શું BNSS ની કલમ-૧૬૩ ની જોગવાઈઓ માત્ર સરકાર સામે સવાલો પૂછનારા વિરોધકોને જ લાગુ પડે છે? સત્તાપક્ષના હિંસક સંગઠનોને કાયદામાંથી મુક્તિ કોણે આપી?

સરકારનો ડર એટલી હદે વધી ગયો છે કે તેમણે ડિજિટલ સ્તરે પણ અવાજ દબાવવાનો કાળો ખેલ ખેલ્યો છે. દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશ જેવા સરહદી વિસ્તારોના જાણીતા યુટ્યુબર્સ, કન્ટેન્ટ ક્રિએટર્સ અને સ્વતંત્ર પત્રકારો-ઈન્ફ્લુએન્સર્સને તેમના ઘરોમાં જ બેરહમીથી 'હાઉસ અરેસ્ટ' કરીને નજરકેદ કરી દેવામાં આવ્યા છે, જેથી દેશની જનતા સુધી સાચું ચિત્ર પહોંચી ન શકે. રસ્તાઓ પર જ્યાં પણ બે-ત્રણ યુવાનો સાથે જોવા મળે કે દિલ્હી તરફ જતાં નજરે પડે, ત્યાં જ કોઈ પણ ગુના વગર તેમની બળજબરીથી અટકાયત કરવામાં આવી રહી છે. બંધારણના આત્મા સમાન 'અભિવ્યક્તિની સ્વતંત્રતા' અને શાંતિપૂર્ણ વિરોધ કરવાનો મૂળભૂત અધિકાર આજે સત્તાના બુલડોઝર નીચે કચડાઈ રહ્યો છે.

સૌથી વધુ નિરાશાજનક, દુઃખદ અને શરમજનક બાબત તો એ છે કે દેશની સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ), જેની પાસે બંધારણ અને નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ કરવાની આખરી અને પવિત્ર જવાબદારી છે, તે પણ આ સમગ્ર અત્યાચાર અને લોકશાહીના ચિરહરણને ગંભીરતાથી લેવાને બદલે ચૂપચાપ જોઈ રહી છે. જ્યારે ન્યાયતંત્ર પણ મૌન ધારણ કરી લે અને નાગરિકોની ચીસ સાંભળવામાં નિષ્ફળ જાય, ત્યારે લોકશાહીના પાયા હચમચી ઉઠે છે.

આજે સમગ્ર દેશના પ્રત્યેક નાગરિકે પોતાની જાતને આ તીખો સવાલ પૂછવાની જરૂર છે: આપણે કેવા સંવેદનહીન, સત્તાભૂખ્યા અને તાનાશાહ નેતાઓના હાથમાં આ મહાન દેશની લગામ સોંપી દીધી છે? જો આજે આપણે યુવાનો, ખેડૂતો અને વિદ્યાર્થીઓ પર થતા આ અન્યાય સામે અવાજ નહીં ઉઠાવીએ અને મૌન રહીશું, તો આવનારી પેઢી આપણને ક્યારેય માફ નહીં કરે. સત્તાના નશામાં અંધ થયેલા શાસકોને અરીસો બતાવવાનો અને લોકશાહીનું રક્ષણ કરવા માટે એકજૂથ થવાનો આ જ આખરી સમય છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# નવરાત્રિ: નવ રાત, નવ શક્તિ અને આંતરિક અંધકાર પર વિજય

## “જ્યારે અધર્મનો અંધકાર વધે છે, ત્યારે ધર્મ અને શક્તિનો પ્રકાશ પ્રગટે છે”

નવરાત્રિ માત્ર નવ દિવસનો તહેવાર નથી; તે આદ્યશક્તિ મા દુર્ગાની આરાધના, આત્મશક્તિનું જાગરણ અને સદાચારના વિજયનો પવિત્ર સંદેશ આપતો મહાપર્વ છે.

‘નવ’ રાત્રિ એટલે નવ દિવસ સુધી માતાજીના વિવિધ સ્વરૂપોની ભક્તિપૂર્વક આરાધના. આ નવ દિવસ આપણને બહારની દુનિયાના અંધકાર કરતાં વધુ આપણા મનના અહંકાર, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, ભય અને નકારાત્મકતાને દૂર કરવાની પ્રેરણા આપે છે.

ચલો જાણીએ મહિષાસુર અને મા દુર્ગાની પવિત્ર વિજયગાથા વિશે

પૌરાણિક કથાઓ અનુસાર, વર્ષો પૂર્વે પૃથ્વી અને સ્વર્ગલોકમાં આસુરી વૃત્તિઓનો આતંક ફેલાઈ ગયો હતો. મહિષાસુર નામનો એક અત્યંત શક્તિશાળી અને અત્યાચારી અસુર હતો. કઠોર તપ દ્વારા તેણે એવું વરદાન પ્રાપ્ત કર્યું હતું કે દેવતાઓ માટે પણ તેનો પરાજય કરવો અશક્ય બની ગયો. શક્તિના અહંકારમાં અંધ બનીને મહિષાસુરે ત્રણેય લોકમાં પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો. ધર્મ અને વ્યવસ્થા જોખમમાં મુકાયા અને દેવતાઓ પણ ત્રસ્ત થઈ ગયા.

ત્યારે સૃષ્ટિના રક્ષણ અર્થે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સહિત તમામ દેવતાઓએ પોતાના દિવ્ય તેજ અને શક્તિનું એકીકરણ કર્યું. આ તમામ દિવ્ય ઊર્જાના સમન્વયમાંથી આદ્યશક્તિ મા દુર્ગાનું પ્રાગટ્ય થયું.

મા દુર્ગા અખૂટ શક્તિ અને પવિત્રતાથી પરિપૂર્ણ હતાં. મા ભવાની સિંહ પર આરુઢ થઈ, દસેય હાથમાં ત્રિશૂળ, ખડગ અને અન્ય દિવ્ય અસ્ત્ર-શસ્ત્રો ધારણ કરી અધર્મ સામે યુદ્ધ કરવા રણમેદાનમાં ઉતર્યા. નવ દિવસ સુધી ભયંકર મહાસંગ્રામ ચાલ્યો. આ સંઘર્ષ માત્ર એક અસુર અને દેવી વચ્ચેનું યુદ્ધ નહોતું; તે ધર્મ અને અધર્મ, સત્ય અને અસત્ય, સંયમ અને અહંકાર વચ્ચેના શાશ્વત સંઘર્ષનું પ્રતીક હતું. અંતે મા દુર્ગાએ મહિષાસુરનો સંહાર કર્યો અને ત્રણેય લોકને ભયમુક્ત કર્યા.

“અસત્ય કેટલુંય શક્તિશાળી દેખાય, સત્યની દિવ્ય શક્તિ સામે તેનો અંત નિશ્ચિત છે.”

હવે જાણીએ નવદુર્ગાના નવ દિવ્ય સ્વરૂપો અને તેના જીવનપાઠ વિશે

નવરાત્રિ દરમિયાન માતા દુર્ગાના નવ સ્વરૂપોની આરાધના કરવામાં આવે છે. દરેક સ્વરૂપની એક વિશેષ કથા છે અને ભક્તિ સાથે જીવન માટે એક અત્યંત સુંદર સંદેશ પણ તેમાં સમાયેલો છે.

**દિવસ ૧ – મા શૈલપુત્રી**

પર્વતરાજ હિમાલયની પુત્રી હોવાથી તેઓ શૈલપુત્રી કહેવાયા. તેઓ નંદી પર બિરાજમાન છે અને હાથમાં ત્રિશૂળ તથા કમળ ધારણ કરે છે. તેમનું આ સૌમ્ય સ્વરૂપ સ્થિરતા, દૃઢતા અને અડગ શ્રદ્ધાનું પ્રતીક છે.

જીવનપાઠ: પરિસ્થિતિ ગમે તેવી વિકટ હોય, પોતાના ધ્યેય અને સત્યના માર્ગ પર હિમાલયની જેમ અડગ રહેવું. “જેના પગલાં શ્રદ્ધાની ધરતી પર હોય, તેને પરિસ્થિતિના તોફાન ડગાવી શકતા નથી.”

**દિવસ ૨ – મા બ્રહ્મચારિણી**

માતા બ્રહ્મચારિણી તપ, સંયમ અને અડગ સાધનાનું સ્વરૂપ છે. હાથમાં જપમાળા અને કમંડળ ધારણ કરેલું તેમનું સ્વરૂપ કઠોર તપસ્યા અને આત્મનિયંત્રણનો સંદેશ આપે છે.

જીવનપાઠ: મહેનત, અખૂટ ધીરજ અને સંયમથી જ મનુષ્યને સાચી સફળતા પ્રાપ્ત થાય છે.

“જે આજે સંયમ શીખે છે, તે જ આવતીકાલે સફળતાને સંભાળી શકે છે.”

**દિવસ ૩ – મા ચંદ્રઘંટા**

માતાના મસ્તક પર ઘંટના આકારનો અર્ધચંદ્ર શોભે છે. સિંહ પર સવાર માતાનું આ સ્વરૂપ શૌર્ય, સાહસ અને રક્ષણનું પ્રતીક છે, જે દુષ્ટોના નાશ માટે સદૈવ તત્પર રહે છે.

જીવનપાઠ: ભય સામે ભાગવાને બદલે નિર્ભયતા અને ધૈર્યપૂર્વક તેનો સામનો કરવો.

“હિંમતનો અર્થ ભયનો અભાવ નથી; ભય હોવા છતાં સાચા માર્ગે ઊભા રહેવું એ જ હિંમત છે.”

**દિવસ ૪ – મા કૂષ્માંડા**

પોતાના મંદ હાસ્યથી બ્રહ્માંડનું સર્જન કરનાર માતા કૂષ્માંડા સૃષ્ટિમાં નવી ઊર્જા અને પ્રકાશનો સંચાર કરે છે. તેમને સર્જનાત્મક ઊર્જા સાથે જોડવામાં આવે છે.

જીવનપાઠ: જ્યાં સકારાત્મક વિચાર હોય છે, ત્યાં નવી આશા અને નવી સર્જનશક્તિ જન્મે છે.

“એક સારો વિચાર ક્યારેક આખા જીવનનો અંધકાર દૂર કરી શકે છે.”

**દિવસ ૫ – મા સ્કંદમાતા**

ભગવાન કાર્તિકેય (સ્કંદ) ને ખોળામાં ધારણ કરનારાં મા સ્કંદમાતા માતૃત્વ, વાત્સલ્ય અને નિઃસ્વાર્થ પ્રેમનું પવિત્ર સ્વરૂપ છે.



જીવનપાઠ: પ્રેમ, કરુણા અને ઉચ્ચ સંસ્કારથી જ ઉત્તમ સમાજ અને વ્યક્તિનું ઘડતર થાય છે.

“બાળકને આપેલી સૌથી મોટી સંપત્તિ પૈસા નહીં, પરંતુ સારા સંસ્કાર છે.”

**દિવસ ૬ – મા કાત્યાયની**

મહર્ષિ કાત્યાયનની તપસ્યાથી પ્રગટ થયેલાં માતા કાત્યાયની શક્તિ અને ધર્મરક્ષાનું પ્રતીક છે. આ મહિષાસુર મર્દિની સ્વરૂપ દુષ્ટતાના નાશ માટે પૂજાય છે.

જીવનપાઠ: અન્યાય સામે ક્યારેય મૌન ન રહેવું; સત્ય માટે હંમેશા હિંમતભેર ઊભા રહેવું.

“સત્યનો માર્ગ ક્યારેક મુશ્કેલ હોય છે, પરંતુ અંતરમાં શાંતિ આપતો માર્ગ હંમેશાં એ જ હોય છે.”

**દિવસ ૭ – મા કાળરાત્રિ**

માતા કાળરાત્રિનું સ્વરૂપ કાળું અને ઉગ્ર છે, પરંતુ આ ઉગ્રતા માત્ર અધર્મ અને દુષ્ટતાના નાશ માટે છે. ભક્તો માટે તેઓ સદૈવ શુભ ફળ આપનારાં (શુભંકરી) છે.

જીવનપાઠ: આપણા જીવનના ભય, અજ્ઞાન અને નકારાત્મકતાનો દૃઢતાથી સામનો કરીને તેનો અંત કરવો.

“અંધકારને ગાળો આપવાથી પ્રકાશ આવતો નથી; અંદર એક દીવો પ્રગટાવવો પડે છે.”

**દિવસ ૮ – મા મહાગૌરી**

માતા મહાગૌરીનો વર્ણ શ્વેત અને કાંતિવાન છે. તેમનું આ સ્વરૂપ શાંતિ, પવિત્રતા, કરુણા અને અત્યંત સૌમ્યતાનું પ્રતીક છે.

જીવનપાઠ: શક્તિ સાથે વિનમ્રતા અને સામર્થ્ય સાથે ક્ષમાશીલતા તથા કરુણા હોવી આવશ્યક છે.

“સાચી શક્તિ એ નથી કે તમે કેટલાને હરાવી શકો; સાચી શક્તિ એ છે કે તમે કેટલાને સહારો આપી શકો.”

**દિવસ ૯ – મા સિદ્ધિદાત્રી**

નવરાત્રિના નવમા અને અંતિમ દિવસે મા સિદ્ધિદાત્રીની આરાધના થાય છે. તેઓ સર્વ પ્રકારની સિદ્ધિ અને આધ્યાત્મિક પૂર્ણતા પ્રદાન કરનાર સ્વરૂપ છે.

જીવનપાઠ: સંપૂર્ણ શ્રદ્ધા, અતૂટ ભક્તિ અને સદાચારથી જીવનને પૂર્ણતાની દિશામાં લઈ જવું.

“ભક્તિ માત્ર માગવાનું નામ નથી; ભક્તિ એટલે પોતાને ઈશ્વરના સન્માર્ગ માટે તૈયાર કરવાનું નામ છે.”

મહિષાસુર બહાર પણ છે અને આપણી અંદર પણ...

નવરાત્રિની ગાથાનો સૌથી ઊંડો અર્થ અહીં જ છુપાયેલો છે. મહિષાસુરને માત્ર એક પૌરાણિક પાત્ર તરીકે જોવાને બદલે, જો આપણે આપણા જીવનમાં રહેલા અહંકાર, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, દ્વેષ અને નકારાત્મક વિચારોને ઓળખીએ તો આ કથા વધુ અર્થપૂર્ણ બની જાય છે.

જ્યારે મનમાં અહંકાર વધે ત્યારે મા શૈલપુત્રીની સ્થિરતા યાદ કરીએ.

જ્યારે મુશ્કેલીમાં ધીરજ ખૂટે ત્યારે મા બ્રહ્મચારિણીની તપસ્યા યાદ કરીએ.

જ્યારે ભય સતાવે ત્યારે મા ચંદ્રઘંટાનું શૌર્ય યાદ કરીએ.

જ્યારે નિરાશા ઘેરી વળે ત્યારે મા કૂષ્માંડાની સર્જનશક્તિ યાદ કરીએ.

જ્યારે સંબંધોમાં કઠોરતા આવે ત્યારે મા સ્કંદમાતાની કરુણા યાદ કરીએ.

જ્યારે અન્યાય સામે પ્રશ્ન ઊભો થાય ત્યારે મા કાત્યાયનીની શક્તિ યાદ કરીએ.

જ્યારે મનમાં અંધકાર છવાય ત્યારે મા કાળરાત્રિનું સ્મરણ કરીએ.

જ્યારે મન અશાંત થાય ત્યારે મા મહાગૌરીની શાંતિ તરફ વળીએ.

જ્યારે જીવનમાં સાચી દિશાની શોધ હોય ત્યારે મા સિદ્ધિદાત્રીની ભક્તિ કરીએ.

**નવરાત્રિ: અંતરની શક્તિને ઓળખવાનો ઉત્સવ**

આ નવ દિવસ આપણને એક સુંદર સત્ય સમજાવે છે કે, શક્તિ બહારથી મળતી વસ્તુ નથી; પોતાની અંદર રહેલી શક્તિને ઓળખવાની અને તેનો યોગ્ય દિશામાં ઉપયોગ કરવાની જરૂર છે. માતા દુર્ગાની આરાધના આપણને માત્ર વિજયની કામના કરાવતી નથી, પરંતુ એવો દૃઢ સંકલ્પ પણ શીખવે છે કે..

આપણે અન્યાય નહીં કરીએ અને અન્યાય સહન પણ નહીં કરીએ.

અહંકારને સ્થાન નહીં આપીએ અને નબળાને સહારો આપીશું.

સત્યના માર્ગે ચાલીશું અને શક્તિનો ઉપયોગ માત્ર સદ્કાર્ય માટે કરીશું.

કારણ કે સાચી નવરાત્રિ ત્યારે જ શરૂ થાય છે, જ્યારે મંદિરમાં માતાજીની આરતી પ્રગટવાની સાથે સાથે આપણા અંતરમાં પણ સદાચારની જ્યોત પ્રગટે.

નવરાત્રિ આપણને સનાતન સંદેશ આપે છે કે જીવનમાં અંધકાર ગમે તેટલો મોટો કેમ ન હોય, સત્ય, શ્રદ્ધા અને ધર્મની શક્તિ હંમેશાં પ્રકાશનો માર્ગ બતાવે છે. આ નવરાત્રિમાં આપણે માત્ર માતાજીના સ્વરૂપોની પૂજા જ ન કરીએ, પરંતુ તેમના આ નવ દિવ્ય ગુણોને આપણા જીવનમાં ઉતારવાનો પણ સંકલ્પ કરીએ.

“માતા દુર્ગાની આરાધના એટલે માત્ર હાથ જોડવા નહીં, પરંતુ જીવનને ધર્મ, સત્ય, કરુણા અને સાહસથી જોડવાનો સંકલ્પ.”

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત)**
**સ્પોર્ટ્સ ટીચર**

# તખુભાઈ: હસતાં ચહેરા પાછળ પર્યાવરણ, શિક્ષણ,સાહિત્યનું ચિંતક વ્યક્તિત્વ

ડો.ભાવના ઠુંમર(જુનાગઢ)

(તખુભાઈ સાંડસુરના 11 ઓકટોબરે 66 માં જન્મદિવસનો લેખ) ભાવનગર જિલ્લાના વેળાવદર ગામમાં 11 ઓક્ટોબર 1961ના જન્મીને ત્યાં જ તેને પોતાની કર્મભૂમિ, ધર્મભૂમિ અને સર્વભૂમિ કરનાર શ્રી તખુભાઈ સાંડસુર સમગ્ર ગુજરાતનું પર્યાવરણ,સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ વગેરે ક્ષેત્રમાં કાર્યરત એવું ગૌરવવંતુ નામ છે. શિક્ષણ અને કાયદામા સ્નાતકની પદવી, વિનયનમાં અનુસ્નાતક,જર્નાલિઝમમાં ડિપ્લોમા, પ્રાથમિક શિક્ષણનું તાલીમનું પ્રમાણપત્ર વગેરે કારકિર્દી ઘડતર.શિક્ષક પિતાજ સ્વ.આલાભાઈનો શિક્ષણ વારસો.પોતાના ગામમાં માધ્યમિક શાળાનું નિર્માણ,સંવર્ધન અને સંચાલનમાં તેમની અગ્રીમ ભૂમિકા સને 1989 થી રહી છે.ગામની પ્રાથમિક શાળામાં 7 વર્ષ અને માધ્યમિક શાળામાં લગભગ 29 વર્ષ



આચાર્ય મળી 36 વર્ષ શિક્ષણની સેવાઓ. 2000 વધું વિદ્યાર્થીઓનું ઘડતર કર્યું.ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચના સંયોજક તરીકે તેમણે સને 2021 થી 2025 દરમિયાન 19 થી વધારે શિક્ષકોને એવોર્ડ, 300 શિક્ષકોને વિવિધ પ્રમાણપત્રો -સન્માન પત્ર, 61 જેટલા શિક્ષકોને પોતાના 61 માં જન્મદિવસે અભિવાદન.આ બધું તેમની કામગીરીનો શિલાલેખ નથી પરંતુ અછડતો ઉલ્લેખ માત્ર છે. 65,000 થી વધારે વિદ્યાર્થીઓને જાહેર પરીક્ષાનું માર્ગદર્શન, 80 હજાર જેટલા વિદ્યાર્થીઓને વાર્તા કથનથી મોજીલા શિક્ષણની યાત્રા, 10 જેટલા સંગોષ્ઠિના શિક્ષણ પરિસંવાદોથી શિક્ષકોની જ્ઞાન ગુણવત્તાના સુધારમાં તેઓએ નેતૃત્વ કર્યું છે. સાહિત્યકાર તરીકે લેખન તથા સંપાદનના કુલ 12 પુસ્તકોનું ભાથું તેમની પાસેથી પ્રાપ્ત થયું છે.જેમાં હથેળીનું સ્વર્ગ- સને 1999 (ટૂંકી વાર્તા), વલયઘોષ સને -2002 (ટૂંકી વાર્તા )ભીતર ઉઘડ્યાં કમાડ સને -2002 (પ્રસંગ કથાઓ), મધુવનનો મારગ સને- 2012 (ચિંતન લેખો ),શિક્ષણ માંગલ્ય 2012(શિક્ષણ લેખો),મોરારિબાપુ: વ્યક્તિ નહીં વિચાર સને-2023, (ચરિત્ર), નોખા મલક નોખા મનેખ- સને 2023( પ્રવાસ વર્ણન ) @સંપાદનો... સુવાસના સરવાળા- સને 2018 (જીવન વૃતાંત) શિક્ષણના ધ્રુવતારકો -સને 2023 ,મારી શાળા :આચાર અને નવાચાર સને -2024,ઘટ્ટ અને ઘડવૈયા સને -2025, માનસ સનાતન ધર્મ લે -મોરારિબાપુ સને -2026 . આ ઉપરાંત તેઓએ અનેક અખબારોમાં પોતાની કોલમ અને લેખો પ્રસિદ્ધ કરીને વાંચકની હૈયામાં વસવાટ કર્યો છે. સંવેદનશીલતાના સ્વામી તરીકે પર્યાવરણ તેમનો પ્રિય વિષય રહ્યો છે. તેમણે સને -2001 માં ગારીયાધારથી પાલીતાણાની ‘વૃક્ષ ચેતના યાત્રા‘ અને સને 2004માં ગાંધી આશ્રમથી ગાંધીનગર સુધીની ‘પર્યાવરણ કૂચ‘ વૃક્ષોને સમર્પિત કરી છે.સને 2007માં ઈંગોરાળાથી શરૂ કરીને જેસર સુધી એટલે કે લગભગ 35 કિલોમીટર મોટરસાયકલ યાત્રા કરીને જેનું નામ ‘સિંહ ગૌરવયાત્રા‘ આપેલું તે સિંહોના સરક્ષણ અને સંવર્ધન માટે એક આંદોલન બનીને રહી ગયેલો કાર્યક્રમ કર્યો હતો.સને- 2018 થી શરૂ કરીને સને 2026 એટલે કે આઠ વર્ષથી તેઓ ભાવનગર જિલ્લાના સિંહ દિવસ ઉજવણીના સંયોજક તરીકેની સેવાકીય જવાબદારી નિભાવી રહ્યા છે.

# જ્યારે બે હૃદય ‘હું’ નહીં, ‘આપણે’ બની જાય...

લગ્ન માત્ર બે વ્યક્તિઓને જોડતો સંબંધ નથી, પરંતુ બે હૃદયોને જીવનભર માટે એકબીજાના સુખ-દુઃખના સાથી બનાવતું પવિત્ર બંધન છે. લગ્નની શરૂઆત પ્રેમ, સપનાઓ અને નવી આશાઓથી થાય છે, પરંતુ તેની સાચી કસોટી જીવનના ઉતાર-ચઢાવમાં થાય છે. લગ્નજીવનમાં પ્રેમ જેટલો જરૂરી છે, એટલો જ જરૂરી છે પરસ્પર વિશ્વાસ, સમજણ અને સંવાદ. ક્યારેક એકબીજાની વાત શાંતિથી સાંભળવી, ક્યારેક ભૂલને માફ કરવી અને ક્યારેક કોઈ અપેક્ષા વિના સાથ આપવો–આ નાની લાગતી બાબતો જ સંબંધને મજબૂત બનાવે છે. બે વ્યક્તિઓના વિચારો હંમેશાં એકસરખા હોય તે જરૂરી નથી. મતભેદ થવા સ્વાભાવિક છે, પરંતુ મતભેદને મનભેદ બનતા અટકાવવાની સમજદારી જ સફળ દાંપત્યજીવનની ઓળખ છે. ગુસ્સામાં બોલાયેલા કડવા શબ્દો સંબંધમાં અંતર ઊભું કરી શકે છે, જ્યારે પ્રેમથી બોલાયેલો એક શબ્દ હૃદયને ફરી નજીક લાવી શકે છે. આજના સમયમાં જીવનની સુવિધાઓ વધી છે, પરંતુ એકબીજા માટેનો સમય ઓછો થતો જાય છે. મોબાઈલ અને દોડધામ વચ્ચે ઘણી વખત પતિ-પત્ની એક જ ઘરમાં રહીને પણ મનથી દૂર થઈ જાય છે. સંબંધને જીવંત રાખવા માટે ભૌતિક સુખ-સગવડ કરતાં વધુ જરૂરી છે થોડો સમય, નિખાલસ વાતચીત અને હૃદયપૂર્વકની લાગણી.



સાચું લગ્નજીવન એ નથી કે જેમાં ક્યારેય ઝઘડો ન થાય; સાચું લગ્નજીવન તો એ છે કે જેમાં ઝઘડા પછી પણ પ્રેમ ઓછો ન થાય. જ્યાં “હું” કરતાં “આપણે”ને વધુ મહત્વ મળે છે, ત્યાં સંબંધ સમયની સાથે વધુ ગાઢ બનતો જાય છે. સુખની ક્ષણોમાં સાથે હસવું સહેલું છે, પરંતુ મુશ્કેલીના સમયમાં એકબીજાનો હાથ મજબૂતીથી પકડીને ઊભા રહેવું એ જ સાચા જીવનસાથીની ઓળખ છે. લગ્નની સાચી સુંદરતા લગ્નમંડપમાં લેવાયેલા સાત ફેરામાં નહીં, પરંતુ જીવનના દરેક વળાંકે એકબીજાનો સાથ નિભાવવામાં છુપાયેલી છે.

**- રૂપેશ સોલંકી, ભચાઉ**

# કોરોનાકાળની રાષ્ટ્રીય મહામારી કે ફાર્માસ્યુટિકલ માર્કેટનો સૌથી મોટો ખેલ? રૂ. 1,000 કરોડના 'ડોલો 650' વિવાદનું કાળું સત્ય

કોરોના વાઈરસની વૈશ્વિક મહામારી દરમિયાન જ્યારે આખો દેશ ભય, લાચારી અને બીમારી સામે ઝઝૂમી રહ્યો હતો, ત્યારે ઘેર-ઘેર એક નામ સૌથી વધુ ગુંજતું હતું - 'ડોલો 650' (Dolo 650). સામાન્ય શરદી, ખાંસી હોય કે કોરોનાનો સામાન્ય તાવ, દરેક ડૉક્ટરની પ્રિસ્ક્રિપ્શન સ્લિપ પર આ જ ટેબ્લેટનું નામ જોવા મળતું હતું. સોશિયલ મીડિયા પર આ દવાને લઈને મીમ્સનું પૂર આવ્યું હતું, અને લોકો તેને ચા-નાસ્તાની જેમ લેવા લાગ્યા હતા. પરંતુ, આ ટેબ્લેટ જેટલી લોકપ્રિય થઈ, તેટલો જ મોટો વિવાદ તેની પાછળ જોડાયેલો છે. રૂ. ૧,૦૦૦ કરોડની લાંચ અને ફ્રીબીઝ (મફત ભેટો) ના કૌભાંડે દેશભરની તબીબી અને રાજકીય આલમમાં ભૂકંપ મચાવી દીધો હતો. કોરોનામાં ડૉક્ટરો દ્વારા 'ડોલો 650'ને આટલું પ્રમોટ કેમ કરવામાં આવ્યું?

સામાન્ય રીતે પેરાસિટામોલ (Paracetamol) નું પ્રમાણ 500 મિલિગ્રામ (mg) હોય છે, જે ભારતમાં સરકારી પ્રાઈસ કંટ્રોલ (કિંમત નિયંત્રણ) હેઠળ આવે છે. એટલે કે 500 મિલિગ્રામ સુધીની પેરાસિટામોલની કિંમતો પર સરકારનું નિયંત્રણ હોય છે, જેથી કંપનીઓ મનમાની કિંમત વસૂલ ન કરી શકે. પરંતુ માઈક્રો લેબ્સ (Micro Labs) નામની ફાર્માસ્યુટિકલ કંપનીએ આમાં ફેરફાર કરીને ડોઝ 650 મિલિગ્રામ કરી દીધો. નિયમ એવો છે કે 500 મિલિગ્રામથી ઉપરની દવાઓ સરકારી પ્રાઈસ કેપના સીધા નિયંત્રણમાંથી બહાર જતી રહે છે. આ જ છટકબારીનો લાભ લઈને કંપનીએ ઊંચા માર્જિન પર વેચાણ શરૂ કર્યું. કોરોનાના ડરના માહોલનો ફાયદો ઉઠાવીને કંપનીએ ડૉક્ટરોને આ દવા વધુમાં વધુ પ્રિસ્ક્રાઈબ (ભલામણ) કરવા માટે પ્રોત્સાહિત કર્યા.

રૂ. ૧,૦ કરોડના વિવાદ અને ફ્રીબીઝ કૌભાંડનું સત્ય:

આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે 'ફેડરેશન ઓફ મેડિકલ એન્ડ સેલ્સ રિપ્રેઝન્ટેટિવ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા' દ્વારા સુપ્રીમ કોર્ટમાં એક જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવામાં આવી. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો કે 'ડોલો 650' બનાવતી કંપનીએ દેશભરના ડૉક્ટરોને આ દવા લખવા માટે મનાવવા માટે આશરે રૂ. ૧,૦૦૦ કરોડના ખર્ચે ફ્રીબીઝ (મફત ભેટો, વિદેશી પ્રવાસો, લક્ઝરી ગિફ્ટ્સ અને સ્પોન્સરશિપ) વહેંચ્યા હતા. કોર્ટમાં કેસની સુનાવણી કરતી વખતે ખુદ તત્કાલીન ન્યાયાધીશ (જે પછીથી દેશના મુખ્ય ન્યાયાધીશ બન્યા) ડી.વાય. ચંદ્રચૂડે આશ્ચર્ય વ્યક્ત કરતા ટિપ્પણી કરી હતી કે, 'આ ખૂબ જ ગંભીર મામલો છે...



પાક્કો ગુજરાત

ગુરુવાર | 11 ઑક્ટોબર 2026 | અમદાવાદ

# દેણવા-ડોલીયા બ્રિજ પર પ્રતિબંધના અમલ સામે સવાલો! :

# 7થી 10 ઑક્ટોબર દરમિયાન વાહનોની અવરજવર અંગે સવાલો

ભરૂચ

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના દેણવા-ડોલીયા બ્રિજ પર ભારે વાહનોની અવરજવર રોકવા માટે તંત્ર દ્વારા પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવા છતાં 7થી 10 ઑક્ટોબર દરમિયાન વાહનોની અવરજવર થઈ હોવાના આક્ષેપો ઊઠ્યા છે. સ્થાનિકો અને જાગૃત નાગરિકોમાં આ મુદ્દે સવાલો ઊઠતાં તંત્ર પ્રતિબંધના અમલ અંગે સ્પષ્ટતા કરે તેવી માંગ થઈ રહી છે.






## ■ પ્રતિબંધ માત્ર કાગળ પર જ રહ્યો કે સ્થળ પર પણ થયો અમલ?

સ્થાનિકોના જણાવ્યા મુજબ, પ્રતિબંધ અંગેની જાહેરાત અને સૂચના જાહેર કરવામાં આવી હતી, પરંતુ સ્થળ પર ભારે વાહનો, ખાસ કરીને મીઠું અને જીપ્સમ ભરેલાં ટ્રેક્ટરો સહિતનાં વાહનોની અવરજવર ચાલુ રહી હોવાની ચર્ચા છે. આ મામલે તંત્રની કામગીરી અને પ્રતિબંધના અમલ અંગે સ્થાનિકો તથા સામાજિક કાર્યકરો દ્વારા સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે.

જો પ્રતિબંધ લાગુ હતો, તો તે કયા સમયગાળા માટે અમલમાં હતો? કયા પ્રકારનાં વાહનોને છૂટ આપવામાં આવી હતી? પ્રતિબંધનું પાલન કરાવવા માટે સ્થળ પર તપાસ કે દેખરેખ રાખવામાં આવી હતી કે નહીં? તેમજ નિયમોના ઉલ્લંઘન સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી હતી કે નહીં? આ સવાલો વચ્ચે તંત્રની સ્પષ્ટતા જરૂરી બની છે.

સ્થાનિકોના મતે, બ્રિજ પર ભારે વાહનોની અવરજવરથી બ્રિજની સ્થિતિ અને વાહનચાલકોની સુરક્ષાને લઈને ચિંતા ઊભી થઈ શકે છે. જો પ્રતિબંધના ઉલ્લંઘનની પુષ્ટિ થાય, તો જવાબદાર વાહનચાલકો સામે નિયમ મુજબ કાર્યવાહી થવી જોઈએ. તંત્રએ પ્રતિબંધના અમલ અંગે હકીકત જાહેર કરી નિયમોનું પાલન સુનિશ્ચિત કરવું જોઈએ.

આ સમગ્ર મામલે જિલ્લા વહીવટી તંત્ર, માર્ગ અને મકાન વિભાગ, પોલીસ તથા સંબંધિત સ્થાનિક સત્તાધિકારીઓ પ્રતિબંધના આદેશ, તેની અમલવારી અને સ્થળ પર થયેલી કાર્યવાહી અંગે સ્પષ્ટતા કરે તેવી માંગ ઊઠી છે. 7થી 10 ઑક્ટોબર દરમિયાન બ્રિજ પરથી પસાર થયેલાં વાહનો અંગે ઉપલબ્ધ રેકોર્ડ અને સ્થળ તપાસના આધારે હકીકત સ્પષ્ટ થાય તે જરૂરી છે. 7થી 10 ઑક્ટોબર દરમિયાન પ્રતિબંધનો વાસ્તવિક અમલ થયો હતો કે નહીં? કયા પ્રકારનાં વાહનોને પ્રતિબંધમાંથી છૂટ આપવામાં આવી હતી? પ્રતિબંધના ઉલ્લંઘન અંગે તંત્રએ કોઈ કાર્યવાહી કરી હતી?

## સણોસરીમાં દીપડાનો ભય, ફરી શિક્ષણકાર્ય શરૂ થયું

# ગ્રામજનોની RFO, વન વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજાઇ...

ઉના, કૈલેશ ભટ્ટ

ગીરગઢડા તાલુકાના સણોસરી ગામે દીપડાના હુમલામાં માસૂમ બાળકના દુઃખદમોતની ઘટના બાદસમગ્ર વિસ્તાર માં ભય અને ચિંતાનો માહોલ સર્જાયો છે. દીપડાના ભયને કારણે બાળકોનું શિક્ષણ પણ ખોરવાયું હતું. જોકે, આ સ્થિતિ વચ્ચે જશાધાર રેન્જ RFO કે સી ચૌહાણ સહિત ના વન વિભાગના અધિકારીઓ અને ગીરગઢડા તાલુકા ના ધોકડવા જીલ્લા પંચાયત ના સભ્ય પ્રતિનિધિ મનિષ ભાઈ જાલોધરા ની આગેવાની હેઠળ ગ્રામજનો વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં લેખિત રજૂઆત કરી દીપડા ના ભયને દૂર કરવા તાત્કાલિક પગલાં ભરવાનીમાગણી કરવામાં આવી હતી.આ મુદ્દે યોજાયેલી બેઠકમાં ગ્રામજનોએ વન વિભાગના અધિકારીઓ સમક્ષ પોતાની રજૂઆતો કરી હતી.



બેઠક દરમિયાન સણોસરી ગામ તથા આસપાસના સીમ વિસ્તારમાં દીપડાની અવરજવર પર નજરરાખવા વન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે સઘન પેટ્રોલિંગ શરૂ કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, ગામમાં બાળકો સહિત લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી અત્યંતજરૂરીછે.આથી વન વિભાગ દ્વારા માત્ર આશ્વાસન પૂરતું નહીં, પરંતુ સ્થળ પર સતત દેખરેખ રાખી સમયસર પગલાં લેવામાં આવે તેવી સંભાવના.

## ગિફ્ટસિટી બ્રિજ પાસે ચૂંટણી ટાણે લોકલ ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

# કન્ટેનર ટ્રકમાં દવાઓની આડમાં 33 લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સમગ્ર વિસ્તારમાં પેટ્રોલિંગ અને ચેકિંગ સઘન બનાવવામાં આવ્યું છે. આ દરમિયાન લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે ગિફ્ટસિટી સામે હિંમતનગર-અમદાવાદ હાઈવે રોડ પર ચોક્કસ બાતમીના આધારે કન્ટેનર ટ્રકમાં દવાઓની આડમાં 33 લાખથી વધુની કિંમતના વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરીને 92.77 લાખના મુદ્દામાલ સાથે એકની દબોચી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ગીફ્ટસીટી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન પીઆઇ કે.જે. રાઠોડને બાતમી મળી હતી કે, હિંમતનગર તરફથી



આવતી હરિયાણા પાસિંગના કન્ટેનર ટ્રકમાં વિપુલ માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ભરીને અમદાવાદ લઈ જવામાં આવી રહ્યો છે.

જેના પગલે પોલીસ ટીમે ગિફ્ટ સિટી બ્રિજને છેડે વોચ ગોઠવી દેવામાં આવી હતી. અને હાઈવે પરથી પસાર થઈ રહેલા કન્ટેનર ટ્રકને સાઈડમાં કરાવીને તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે કન્ટેનરનો પાછળનો દરવાજો ખોલીને જોતાં શરૂઆતમાં માત્ર કાગળના પૂઠાના બોક્ષમાં દવાઓ ભરેલી જોવા મળી હતી.

જો કે પીઆઇ રાઠોડે બાતમી પાક્કી હોવાના પગલે સ્ટાફને ઝીણવટપૂર્વક ટ્રકમાં સર્ચ કરવા સૂચના આપતા સ્ટાફે એક પછી એક દવાના બોક્ષની ખસેડીને તપાસ કરતા વચ્ચેના ભાગે સંતાડીને રાખવામાં આવેલી પરપ્રાંતિય વિદેશી દારૂની 240 પેટીઓ મળી આવી હતી. જેની વિગતે ગણતરી કરતા 32 લાખ 42 હજાર 200 ની કિંમતની અલગ અલગ બ્રાન્ડની 10,332 બોટલોનો જથ્થો હોવાનું સામે આવ્યું હતું. બાદમાં પોલીસે સ્થળ પરથી પકડાયેલા કન્ટેનર ચાલક અનંતરામ શર્મા (રહે. હરિયાણા)ની કડકાઈથી પૂછપરછ કરતા તેણે કબૂલાત કરી હતી કે, તે પંજાબથી દવાઓ ભરીને હૈદરાબાદ જઈ રહ્યો હતો.

# અંકલેશ્વરમાં ચોરાયેલા લેપટોપ સાથે આરોપી પકડાયો

## હાંસોટમાં 256 ગ્રામ ગાંજા સાથે એક શખ્સની ધકપકડ; ₹22,800નો મુદ્દામાલ કબજે કર્યો

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર GIDC પોલીસે ભડકોદ્રા ગામમાં એક રહેણાંક મકાનમાંથી થયેલી લેપટોપ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે ચોરાયેલા 60,240 ની કિંમતના લેપટોપ સાથે આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ, ભરૂચ જિલ્લામાં ચાલતા 'NO DRUGS IN BHARUCH' અભિયાન હેઠળ હાંસોટ પોલીસે ઘોડાદરા ગામમાંથી ગાંજાના જથ્થા સાથે એક શખ્સની અટકાયત કરી છે.

અંકલેશ્વર GIDC પોલીસની ટીમે ભડકોદ્રા ગામમાં મકાનમાંથી લેપટોપ ચોરી કરનાર આરોપીને ઝડપી લીધો છે. પોલીસે આરોપી



પાસેથી 60,240ની કિંમતનું HP કંપનીનું ચોરાયેલું લેપટોપ કબજે કર્યું છે. અટકાયત કરાયેલ આરોપી હાલ કોસમડી ગામની રુદ્રાક્ષ રેસિડેન્સીમાં રહેતો હોવાનું સામે આવ્યું છે અને તેની સામે ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરાઈ છે.

બીજી બાજુ, નશીલા પદાર્થોના ગેરકાયદેસર વેચાણ સામે હાંસોટ પોલીસે ચોક્કસ બાતમીના આધારે ઘોડાદરા ગામના વસાવા ફળિયામાં દરોડો પાડ્યો હતો. મકાનમાં તપાસ દરમિયાન કાળા રંગની પ્લાસ્ટિકની થેલીમાંથી 256 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે 12,800ની કિંમતનો ગાંજો અને 10,000ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ 22,800નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરતમાં SMCના દરોડામાં દારૂનો મોટો જથ્થો ઝડપાયો : 9 આરોપી ઝડપાયા...

સુરત

સુરત શહેરના લિંબાયત પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે દારૂના અડ્ડા પર દરોડો પાડી વિદેશી અને દેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. ગણેશનગરમાં રામમંદિર પાસે આવેલા ખંડેર જેવા મકાન અને તેની પાછળ આવેલા મકાન નંબર ૨૫માંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી નવ આરોપીઓને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં સોમનાથ ઉર્ફે શીવા ગોરખભાઈ દોડીશ, સૂરજકુમાર અર્જુન પ્રસાદ કુશવાહા, ગોપાલભાઈ સુરસિંગભાઈ ગોઢકીયા, આનંદકુમાર દાનબહાદુર ચૌહાણ, બીપીસિંઘ લલનસિંઘ સિંઘ, મિલીંદ સુભાષ દેસલે, લલિતકુમાર મહેશભાઈ કુશવાહા, કિશોરભાઈ વલ્લભભાઈ ગોંડલીયા અને જગદીશ કાશીનાથ પાટીલનો



સમાવેશ થાય છે. દરોડા દરમિયાન પોલીસે રૂ. ૬૦,૩૨૦નો વિદેશી દારૂ અને બિયર, રૂ. ૨,૨૫૦નો દેશી દારૂ તથા રૂ. ૨૭,૫૦૦ની કિંમતનો ૧૩૭.૫ લિટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત રૂ. ૬૫ હજારના આઠ મોબાઈલ ફોન, રૂ. બે લાખનાં ચાર મોટરસાઈકલ અને રૂ. ૪,૮૦૦ રોકડ સહિત કુલ રૂ. ૩,૩૫,૮૭૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. દારૂનો ધંધો ચલાવનાર મુખ્ય આરોપી સંજય ઉર્ફે સંજુ દાદી ભીમરાવ ગવાને, તેનો મદદગાર આકાશ પાટીલ, દારૂનો જથ્થો સપ્લાય કરનાર અજાણ્યા ઈસમો તથા મકાનના કબજેદારો સહિતના અન્ય આરોપીઓ હજી પકડવાના બાકી છે. આ મામલે લિંબાયત પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# તીર્થધામ ચાણોદ ખાતે શ્રાદ્ધ પક્ષની સર્વ પિતૃ અમાસે હજારો શ્રદ્ધાળુએ પિતૃ દર્પણ પિંડદાન દાન નર્મદા સ્નાન કરી ધન્યતા અનુભવી

ચાણોદ, મુકેશ ખત્રી

ડભોઇ તાલુકાના પ્રસિદ્ધ તીર્થધામ ચાણોદ ખાતે શનિવારે સર્વપિતૃ અમાસ નિમિત્તે શ્રદ્ધાળુઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. પિતૃપક્ષના અંતિમ દિવસે મૃત પિતૃઓના મોક્ષાર્થે તર્પણ, પિંડદાન, શ્રાદ્ધ અને અન્ય ધાર્મિક વિધિઓ કરવા મોટી સંખ્યામાં ભક્તો નર્મદા નદીના તટે ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ નદીના સ્નાનઘાટો, મંદિરો, વિધિના મંડપો અને હોલમાં ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો.



નર્મદા અને ઓરસંગ નદીના ત્રિવેણી સંગમના પવિત્ર સ્થળ તરીકે ઓળખાતા ચાણોદમાં માતા-પિતા સહિત બંને પક્ષના પિતૃઓના શ્રાદ્ધ માટે શ્રદ્ધાળુઓ આવતા હોય છે. અહીં તિથિ શ્રાદ્ધ ઉપરાંત સર્વપિતૃ શ્રાદ્ધ, નારાયણબલી અને પંચબલી શ્રાદ્ધ સહિતની વિવિધ ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે. પિતૃઓની શાંતિ અને મોક્ષની કામના સાથે ભક્તોએ નર્મદા નદીમાં સ્નાન કરી તર્પણ અને પિંડદાન કરાવ્યાં હતાં.

શ્રાદ્ધપક્ષ દરમિયાન પિતૃઓને પ્રિય હોય તેવી વાનગીઓ તૈયાર કરીને શ્રાદ્ધવિધિ કરવામાં આવે છે. દૂધ, ખીર સહિતની વિવિધ વાનગીઓ અર્પણ કરવાની પરંપરા છે. કાગવાસ સાથે ગાય અને કૂતરાને ભોજન આપ્યા બાદ જમવાની પરંપરા પણ શ્રદ્ધાળુઓ નિભાવે છે. કેટલાક ભક્તો પિતૃઓના સ્મરણમાં પોતાની કોઈ પ્રિય વસ્તુ અથવા ચા, કોફી અને તમાકુ જેવી આદતોનો ત્યાગ કરવાનો સંકલ્પ પણ લેતા હોય છે.

## દારૂ માફિયાઓમાં ફફડાટ!

# છોટાઉદેપુરના રંગપુર નાકે LCBનો સપાટો, ઘઉંના લોટની આડમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારના રંગપુર નાકા પરથી લોકલ ક્રાઇમ બ્રાન્ચએ વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. ઘઉંના લોટના કોથળાની આડમાં આઈસર ગાડીમાં ગેરકાયદેસર રીતે લઇ જવાતો રૂ. 10 લાખ 52 હજારથી વધુની કિંમતનો વિદેશી દારૂ સહિત બે આરોપી માધુસિંહ ભુવાનસિંહ અવાસીયા (રહે. હરસવાટ પટેલ ફળીયા, તા.જી. અલીરાજપુર, મધ્યપ્રદેશ) સચીનભાઈ વેસ્તાભાઈ બઘેલ (રહે. ગિરાલા ગોહન ખોત્રા ફળીયા, તા.જી. અલીરાજપુર, મધ્યપ્રદેશ) તેમજ આઈસર ગાડી મળીને કુલ રૂ.20,30,110 /- નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. છોટાઉદેપુર પોલીસ અધીક્ષક ઈમ્તીયાઝભાઈ શેખની સૂચના અને માર્ગદર્શન હેઠળ દારૂબંધીના કાયદાનો કડક અમલ કરવા અને ગેરકાયદેસર હેરાફેરી નેસ્તનાબૂદ કરવા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જેના ભાગરૂપે LCB પોલીસ ઈન્સપેક્ટર એમ.એફ. ડામોરની આગેવાનીમાં LCB ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે મળેલ બાતમીના આધારે રંગપુર નાકા પર નાકાબંધી કરવામાં આવી હતી. સુરખેડા તરફથી આવી રહેલી એક કેસરી કલરની આઈસર ગાડી જેનો રજિસ્ટર. નં. MP-13 -ZD-2510 ને રોકીને તપાસ કરતા, ગાડીમાંથી ઘઉંના લોટના પ્લાસ્ટિકના કોથળાની પાછળ સંતાડેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો




હતો. વિદેશી દારૂની બોટલ: 4070 નંગ જેની કિંમત રૂ. 10,52,410/- આઈસર ગાડી કિંમત રૂ. 8,00,000/- ઘઉંનો લોટ: 3600 કિલો કિંમત રૂ.1,56,000/- મોબાઈલ ફોન: ૨ નંગ કિંમત રૂ. 20,000/-રોકડ રકમ: રૂ 1,700/- કુલ મુદ્દામાલ કિંમત: રૂ. 20,30,110/- નો ઝડપી પાડ્યો છે. જ્યારે આ ગુનામાં સંડોવાયેલ પકડવાના બાકી આરોપી દિલુ ઉર્ફે દિલીપભાઇ હિરલાભાઇ ચૌગડ (રહે. ગિરાલા, તા.જી. અલીરાજપુર, મધ્યપ્રદેશ) ને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે આ મામલે છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# અંકલેશ્વરના નોબલ માર્કેટમાં સ્ક્રેપના ગોડાઉનમાં ભીષણ આગ, રીગલ એપાર્ટમેન્ટ ખાલી કરાવાયું

અંકલેશ્વર

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે-48 પર આવેલા નોબલ માર્કેટના સ્ક્રેપના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ગોડાઉનમાં કેમિકલનાં ખાલી ડ્રમ, પ્લાસ્ટિક અને ટાયરનો મોટો જથ્થો હોવાથી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આકાશમાં ધુમાડાના કાળા ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાતાં લોકોમાં ભય ફેલાયો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરક્ષાના ભાગરૂપે નજીકમાં આવેલા રીગલ એપાર્ટમેન્ટને તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યું હતું. આગ પર કાબૂ મેળવવા ફાયર વિભાગની ચાર ગાડીઓ સ્થળ પર દોડી આવી હતી અને સતત



પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. ઘટનાની જાણ થતાં મામલતદાર રાજન વસાવા સહિતના ઉચ્ચ સરકારી અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને પરિસ્થિતિનું સતત મોનિટરિંગ કર્યું હતું. આગ લાગવાનું ચોક્કસ કારણ પ્રાથમિક તબક્કે સ્પષ્ટ થયું નહોતું. સદનસીબે આ ભીષણ આગની ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી. આગ સંપૂર્ણપણે ઓલવાયા બાદ ફાયર વિભાગ દ્વારા કૂલિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## બોડેલીના મુખ્ય હાઇવે પર સુરક્ષાના ધજાગરા!

# મોટા પથ્થર ભરેલા બે ભારેખમ વાહનો રસ્તા પર દોડ્યાં, તંત્રની કામગીરી સામે સવાલો

બોડેલી, ઇમરાન મિર્ઝા

બોડેલીના ડભોઇ રોડ પર આવેલા મુખ્ય હાઈવે પરથી મોટા પથ્થરો ભરીને પસાર થતાં બે ભારેખમ વાહનોના દૃશ્યો સામે આવતાં માર્ગ સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. રાત્રિના સમયે હાઈવે પર દોડતાં આ વાહનોમાં વિશાળ કદના પથ્થરો ભરેલા જોવા મળ્યા છે. ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ છે કે આ પથ્થરોને સુરક્ષિત રીતે બાંધવામાં આવ્યા હતા કે નહીં અને વાહનોમાં પરિવહનના નિયમોનું યોગ્ય પાલન કરવામાં આવ્યું હતું કે નહી?

મુખ્ય હાઈવે પર મોટા અને ભારે પથ્થરોનું પરિવહન કરતી વખતે સહેજ પણ બેદરકારી ગંભીર અકસ્માતને આમંત્રણ આપી શકે છે. જો પથ્થરો યોગ્ય રીતે બાંધેલા ન હોય, તો અચાનક બ્રેક મારતી વખતે અથવા વાહનને ઝટકો લાગતાં પથ્થરો ખસી પડવાની શક્યતા રહે છે. આવી સ્થિતિમાં પાછળથી આવતા વાહનચાલકો



અને આસપાસથી પસાર થતા લોકો માટે ગંભીર જોખમ ઊભું થઈ શકે છે. આવા વાહનો રસ્તા પર દોડતાં હોય ત્યારે માત્ર વાહનચાલકની જ નહીં, પરંતુ હાઈવે પરથી પસાર થતા દરેક નાગરિકની સુરક્ષા દાવ પર લાગી શકે છે. તેથી આ મામલાને સામાન્ય ઘટના ગણીને અવગણવો યોગ્ય નથી. આ દૃશ્યો સામે આવ્યા બાદ સંબંધિત પરિવહન વિભાગ અને ટ્રાફિક પોલીસની જવાબદારી સામે પણ સવાલો ઊભા થયા છે. શું આ વાહનોની તપાસ કરવામાં આવશે? શું વાહનની લોડ ક્ષમતા, પથ્થરોને બાંધવાની વ્યવસ્થા અને લાગુ પડતા સુરક્ષા નિયમોનું પાલન થયું હતું કે નહીં તેની ચકાસણી કરવામાં આવશે? માત્ર અકસ્માત થયા પછી જ તંત્ર જાગે તે યોગ્ય નથી. અકસ્માત સર્જાય તે પહેલાં જ જોખમી પરિવહન સામે સાવચેતીભર્યાં પગલાં લેવાં જરૂરી છે. બોડેલીના મુખ્ય હાઈવે પર મોટા પથ્થરો ભરીને પસાર થતાં આ વાહનોની તાત્કાલિક તપાસ કરવામાં આવે. વાહનોની ક્ષમતા કરતાં વધુ ભાર ભરવામાં આવ્યો હોય, પથ્થરોને સુરક્ષિત રીતે બાંધવામાં બેદરકારી જણાય અથવા અન્ય કોઈ નિયમભંગ સામે આવે.



## અભિનેત્રી કહ્યું- મહિલાઓને હંમેશા જજ કરવામાં આવી છે

# મૃણાલ ઠાકુરે કેટરિના-કૃતિની ટ્રોલિંગ પર વ્યક્ત કરી નારાજગી

મુંબઇ

અભિનેત્રી મૃણાલ ઠાકુરે ઑનલાઈન ટ્રોલિંગનો સામનો કરી રહેલી કેટરીના કૈફ અને કૃતિ સેનનને સમર્થન આપ્યું. તેણે કહ્યું કે લોકોએ અભિનેત્રીઓની પસંદગીનું સન્માન કરવું જોઈએ.

મૃણાલે કહ્યું કે કેટરીના અને કૃતિએ ફિલ્મ ઉદ્યોગ અને વ્યવસાયમાં મોટું યોગદાન આપ્યું છે. તેણે મહિલાઓની સાથે-સાથે પુરુષોને પણ જજ કરવામાં આવતા હોવાની વાત કરી. પોતાની નવી ફિલ્મ 'પૂજા મેરી જાન'નું પ્રમોશન કરી રહેલી મૃણાલે મહિલા કલાકારોના કપડાં અને લુક પર થતી જાહેર ટિપ્પણીઓ સંબંધિત સવાલના જવાબમાં PTI સાથેની વાતચીતમાં આ વાત કહી. મૃણાલે કહ્યું, "આ તેમનું જીવન છે, તેમની પસંદગી છે. દરેક વ્યક્તિને પોતાના જીવનના તબક્કાનો આનંદ માણવાનો અધિકાર છે."

તેણે કહ્યું, "જે લોકો આ પ્રતિષ્ઠિત મહિલાઓને જજ કરી રહ્યા છે, શું આપણે ભૂલી જઈએ છીએ કે તેમણે કેટલું શાનદાર કામ કર્યું છે?"

મૃણાલે કહ્યું કે કેટરિના અને કૃતિએ ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને બિઝનેસ, બંને ક્ષેત્રોમાં યોગદાન આપ્યું છે. તેણે કહ્યું કે બંને ભારત ઉપરાંત UK અને અન્ય સ્થળોએ પણ બિઝનેસ ચલાવી રહી છે. તેણે કહ્યું, "મને લાગે છે કે લોકોએ કોઈ અન્ય વ્યક્તિ વિશે ટિપ્પણી કરવી જોઈએ નહીં. લોકો પાગલ છે, હવે શું કહું."

મૃણાલે આગળ કહ્યું કે મહિલાઓને હંમેશાં જજ કરવામાં આવે છે. જોકે, હવે પુરુષોને પણ આવી જ તપાસ અને ટિપ્પણીઓનો સામનો કરવો પડે છે. તેણે કહ્યું, "મહિલાઓને હંમેશાં જજ કરવામાં આવે છે. તેમને ક્યારે જજ કરવામાં આવતી નથી? પરંતુ માત્ર મહિલાઓને જ નહીં, પુરુષોને પણ જજ કરવામાં આવે છે." મૃણાલ ઠાકુરની ફિલ્મ 'પૂજા મેરી જાન' ZEE5 પર સ્ટ્રીમ થઈ રહી છે. આ ક્રાઈમ થ્રિલર પૂજા નામની એક નિર્ભય યુવતીની વાર્તા છે. પૂજાનો લાંબા સમયથી મિત્ર અનિકેત અચાનક તેને લગ્ન માટે પ્રસ્તાવ આપે છે. પૂજા આ પ્રસ્તાવ ઠુકરાવી દે છે. આ પછી અનિકેત આત્મહત્યા કરી લે છે. તે એક ઈમેલ છોડે છે, જેમાં પોતાના મૃત્યુ માટે પૂજાને જવાબદાર ઠેરવે છે.

**મૃણાલે કહ્યું, "આ તેમનું જીવન છે, તેમની પસંદગી છે. દરેક વ્યક્તિને પોતાના જીવનના તબક્કાનો આનંદ માણવાનો અધિકાર છે."**

# નાનાને યાદ કરીને ઈમોશનલ થયા અમિતાભ બચ્ચન

## તેઓ હીરોની સાથે કોમેડિયન પણ બનતા હતા અને ડાન્સ પણ કરતા હતા, ક્યારેક મહિલાનું પાત્ર પણ ભજવતા હતા

મુંબઇ

અમિતાભ બચ્ચને શુક્રવારે દિવંગત અભિનેતા નાના પાટેકરને યાદ કર્યા. તેમણે ઈન્સ્ટાગ્રામ પર નાનાના પાંચ જૂના વીડિયો શેર કર્યા. આ વીડિયોમાં બંનેની મુલાકાતો, ફિલ્મો અને વાતચીતની ઝલક જોવા મળી.

નાના પાટેકરનું ગુરુવારે સવારે ગોવા સ્થિત તેમના ઘરે કાર્ડિયાક અરેસ્ટ બાદ અવસાન થયું હતું. પહેલા વીડિયોમાં નાના એક ઈન્ટરવ્યૂ દરમિયાન 'કૌન બનેગા કરોડપતિ'માં અમિતાભ બચ્ચન સાથે શૂટિંગનો અનુભવ જણાવતા જોવા મળ્યા. તેમણે અમિતાભની પ્રશંસા કરતાં કહ્યું કે તેમના આગમનથી ફિલ્મોનો અંદાજ બદલાઈ ગયો હતો. તેઓ હીરોની સાથે કોમેડિયન પણ બનતા હતા અને ડાન્સ પણ કરતા હતા. ક્યારેક મહિલાનું પાત્ર પણ ભજવતા હતા. નાનાએ મજાકમાં કહ્યું કે આના કારણે ઘણા લોકોનું કામ ઓછું થઈ ગયું. ત્રીજા વીડિયોમાં બંને વચ્ચેની રમૂજી વાતચીત સાંભળવા મળી. નાનાએ કહ્યું, 'ભગવાને આપેલું બધું જ છે, બંગલો છે, ગાડી છે, તમારી પાસે શું છે?' તેના પર અમિતાભે જવાબ આપ્યો, 'આજે તો મારી પાસે નાના પાટેકર છે.' ત્યારબાદ નાનાએ મજાકમાં કહ્યું કે અમિતાભ આગામી 25 વર્ષ સુધી KBC સંભાળી લે, પછી તેઓ શોની જવાબદારી સંભાળશે.

ચોથા વીડિયોમાં નાનાએ અમિતાભે લખેલા એક પત્રનો ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે ફિલ્મ 'ધ એટેક્સ ઑફ 26/11' જોયા બાદ અમિતાભે તેમને પત્ર લખીને તેમના કામની પ્રશંસા કરી હતી. નાનાએ કહ્યું કે તે પત્ર આજે પણ તેમની પાસે સાચવીને રાખેલો છે.



# રણવીર સિંહની 'ધુરંધર 2'ની ગ્રેમીમાં ધમાકેદાર એન્ટ્રી

## ફિલ્મનું સાઉન્ડટ્રેક અનેક કેટેગરીમાં સબમિટ, 'આરી આરી' અને 'ફિર સે' સહિત અનેક સોંગ્સ સામેલ

મુંબઈ

રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' ગ્રેમી અવૉર્ડ્સની રેસમાં સામેલ થઈ ગઈ છે. ફિલ્મના સાઉન્ડટ્રેકને અનેક કેટેગરીમાં સબમિટ કરવામાં આવ્યો છે. ટી-સિરીઝ અને B62 સ્ટુડિયોઝ ફિલ્મના સંગીત અને અનેક ગીતો માટે કેમ્પેઈન ચલાવી રહ્યા છે. તેમાં કમ્પોઝર શાશ્વત સચદેવના કામને મુખ્યતા આપવામાં આવી છે. ફિલ્મને બેસ્ટ કમ્પાઈલેશન સાઉન્ડટ્રેક ફૉર વિઝ્યુઅલ મીડિયા સહિત અનેક કેટેગરીમાં કેમ્પેઈન કરવામાં આવશે. જોકે, આ એન્ટ્રીઓથી ગ્રેમી નૉમિનેશન નિશ્ચિત થતું નથી. કેમ્પેઈનમાં 'ફિર સે', 'આરી આરી' અને 'જાઈએ સજના' જેવા ગીતો સામેલ છે. તેનાથી ફિલ્મના સંગીતને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળવાની તક મળી શકે છે.

ગ્રેમી નામાંકન માટે આ એન્ટ્રીઓએ રેકોર્ડિંગ એકેડેમીના પાત્રતા માપદંડો પૂર્ણ કરવા પડશે અને ત્યારબાદ મતદાન પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. ટાઈમ્સ ઑફ ઈન્ડિયા અનુસાર, 'ફિર સે'ને બેસ્ટ સૉંગ રિટન ફૉર વિઝ્યુઅલ મીડિયા કેટેગરીમાં રાખવામાં આવ્યું છે. 'જાન સે ગુજરતે હૈં' અને 'કન્હૈયા'ને બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પરફોર્મન્સ કેટેગરીમાં જમા કરવામાં આવ્યા છે.

'આરી આરી'ને બેસ્ટ એશિયન પૉપ મ્યુઝિક પરફોર્મન્સ કેટેગરીમાં મોકલવામાં આવ્યું છે. ફિલ્મની સમગ્ર મ્યુઝિક એન્ટ્રીમાં શાશ્વત સચદેવનું કામ કેન્દ્રસ્થાને છે. આના પર શાશ્વતે કહ્યું, "હું એટલું જ કહીશ કે તમે આશીર્વાદ આપતા રહો. તમે આશીર્વાદ આપો કે મારું માથું મારા ખભા પર રહે અને હું સારું કામ કરતો રહું. આ એવોર્ડ મારા માતા-પિતાના આશીર્વાદનું પરિણામ છે. પરંતુ અસલી કારણ સારું સંગીત છે. આશા છે કે હું આગળ પણ સારું કામ કરતો રહીશ." આગામી ગ્રેમી એવોર્ડ્સ શો 7 ફેબ્રુઆરી 2027ના રોજ યોજાશે. તેમાં લેટિન, એશિયન પોપ અને આર&બી જૉનર સહિત પાંચ નવી કેટેગરી સામેલ થશે. આ આયોજનમાં બેસ્ટ ન્યૂ આર્ટિસ્ટ અને બેસ્ટ આલ્બમ કેટેગરી સાથે જોડાયેલા ઘણા મહત્વપૂર્ણ અપડેટ્સ પણ હશે.





# સલમાન ખાને યુટ્યુબ ચેનલ લોન્ચ કરી: કહ્યું- અહીં A ટુ Z બધું મળશે

## ચાહકો સાથે વ્યક્તિગત, વ્યાવસાયિક અને પડદા પાછળનું કન્ટેન્ટ શેર કરશે

મુંબઈ

સલમાન ખાને શુક્રવારે પોતાની ઑફિશિયલ યુટ્યુબ ચેનલ લોન્ચ કરી. જેમાં તે ફેન્સ સાથે પર્સનલ, પ્રોફેશનલ અને બિહાઈન્ડ-ધ-સીન્સ કન્ટેન્ટ શેર કરશે.

સલમાને ચેનલના લોન્ચની જાહેરાત એક મજેદાર ટીઝર સાથે કરી. તેમાં તે ઈંગ્લિશ આલ્ફાબેટ બોલતા જોવા મળ્યા. તેમણે વીડિયો શેર કરતાં લખ્યું, "શરૂઆતથી શરૂ કરીએ... મારી ઑફિશિયલ યુટ્યુબ ચેનલ. A ટુ Z સુધી બધું અહીં મળશે."

સમાચાર લખાયા ત્યાં સુધીમાં તેના સબ્સ્ક્રાઈબર્સની સંખ્યા 16 હજારને પાર થઈ ગઈ હતી. સલમાનની ઑફિશિયલ ચેનલના બાયોમાં લખ્યું છે, "ફિલ્મ એક્ટર. આર્ટિસ્ટ. પેન્ટર. હ્યુમેનિટેરિયન. આ મારી ઑફિશિયલ ચેનલ છે." હાલમાં ચેનલ પર અનેક શોર્ટ્સ ઉપલબ્ધ છે. યુટ્યુબના માધ્યમથી સલમાન લાંબા વીડિયો શેર કરી શકે છે. તેનાથી ચાહકોને તેમના કામ, રોજિંદા જીવન અને સિનેમાથી બહારની પસંદગીઓ વિશે નજીકથી જાણવાની તક મળશે. વર્કફ્રન્ટની વાત કરીએ તો સલમાન હાલમાં 'બિગ બોસ 20' હોસ્ટ કરી રહ્યો છે. તે ટૂંક સમયમાં ફિલ્મ 'માતૃભૂમિ'માં જોવા મળી શકે છે. આ ફિલ્મનું નામ પહેલાં 'બેટલ ઑફ ગલવાન' હતું. તેનું દિગ્દર્શન અપૂર્વ લાખિયાએ કર્યું છે. ફિલ્મમાં ચિત્રાંગદા સિંહ પણ મહત્વની ભૂમિકામાં છે. ફિલ્મની નવી રિલીઝ તારીખની જાહેરાત હજુ સુધી થઈ નથી. સલમાન સાઉથના ફિલ્મમેકર વામશી પૈદિપલ્લી સાથે ફિલ્મ SVC63માં પણ કામ કરી રહ્યો છે. આ ફિલ્મનું નામ કથિત રીતે 'મોન્સ્ટર' રાખવામાં આવ્યું છે. તેમાં નયનતારા પણ છે. ફિલ્મ હાલમાં ઈદ 2027ના અવસરે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. સલમાન ખાન ઉપરાંત બોલિવૂડના અનેક મોટા સ્ટાર્સની પોતાની યુટ્યુબ ચેનલ્સ પણ છે.

આ ચેનલ્સ દ્વારા કલાકારો પોતાના ચાહકો સાથે સીધા જોડાય છે.

# અદિતિ રાવ હૈદરીનો ગ્લેમરસ અંદાજ જોઈ ફેન્સે કર્યા વખાણ, પતિ સિદ્ધાર્થ સાથેની વેકેશન તસવીરો વાયરલ

અમદાવાદ

જ્યારે પણ બોલિવૂડમાંથી કોઈ સેલેબ્સના ફોટો ઈન્ટરનેટ પર આવે છે ત્યારે ફેન્સને મોજ પડી જાય છે. ખાસ કરીને જ્યારે કોઈ સેલિબ્રિટી વિદેશમાં વેકેશન એન્જોય કરવા માટે જાય છે ત્યારે સોશિયલ મીડિયા પર એ ફોટો જોરશોરથી શૅર થતા હોય છે. આલિયા ભટ્ટ બાદ વધુ એક બોલિવૂડ એક્ટ્રેસે પોતાના વેકેશનના ફોટો શૅર કર્યા છે. વાત છે અદિતી રાવ હૈદરીની. તેણે પોતાના પતિ સાથે ફોટો શૅર કર્યા છે. પતિ સિદ્ધાર્થ સાથે તે વિદેશમાં વેકેશન એન્જોય કરી રહી છે. આ વેકેશનના એકથી એક બહેતરીન ફોટો જોઈને ફેન્સ પણ ચોંક્યા છે. આ ફોટોમાં તે એકદમ રીલેક્સ મોડમાં જોવા મળી રહી છે.

બિકીનીમાં અનોખો અંદાજ અદિતી રાવ હૈદરી તથા સિદ્ધાર્થ સૂર્યનારાયણના ફોટો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની રહ્યા છે. બન્ને વચ્ચે દામદાર બોન્ડિંગ આ ફોટોમાં દેખાઈ રહ્યું છે. આ ફોટો શૅર કરતા અદિતીએ પોતાની પોસ્ટ પર લખ્યું હતું કે, સિદ્ધાર્થ મારો ફેવરિટ વ્યક્તિ છે. એના કેપ્શન પરથી એટલું કહી શકાય કે, બન્નેએ એકબીજાની કંપનીને ખૂબ જ મસ્ત રીતે એન્જોય કરી છે. એક ફોટોમાં તે બિકીની ટોપ અને પીળા કલરના શોર્ટમાં જોવા મળી હતી. બ્રાઈટ યલો સાથે બ્લેક બિકીનીમાં દમદાર લાગે છે. આ ફોટોમાં તે સિમ્પલ દેખાઈ રહી છે અને રીલેક્સ દેખાઈ રહી છે. આ સિવાય પણ એક્ટ્રેસે બીચના કિનારેથી એક મસ્ત પોઝ આપ્યો હતો. સમુદ્ર કિનારે બેસીને અદિતીએ સ્માઈલિંગ પોઝ આપ્યો હતો. શાંત માહોલમાં આનંદ લઈ રહી છે. આ તસવીરમાં એનામાં એક મસ્ત ગ્લેમર દેખાઈ રહ્યું છે. કાન પર ફૂલ લગાવીને તેણે કેમેરા સામે દમદાર ફોટો ક્લિક કરાવ્યો છે. અન્ય એક તસવીરમાં તે પૂલમાં બોડી સ્ટ્રેચિંગ કરતી દેખાઈ રહી છે. આ ફોટો પાછળની બાજુથી ક્લિક કરવામાં આવ્યો છે. પૂલના પાણીમાં ઝાડનું પ્રતિબિંબ દેખાઈ રહ્યું છે.



### ભારતે T20માં વેસ્ટ ઈન્ડિઝ સામેનો સર્વોચ્ચ સ્કોર નોંધાવ્યો

# વેસ્ટ ઈન્ડિઝનો રૅકોર્ડબ્રેક વિજય, ભારત સામે હાઈએસ્ટ રન ચેઝ કર્યું

રાંચી

રાંચીમાં ભારત-વેસ્ટ ઈન્ડિઝની બીજી T20 મેચમાં, વેસ્ટ ઈન્ડિઝે ટોસ જીતી ભારતને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું. ભારતે 5 વિકેટે 249 રનનો વિશાળ સ્કોર બનાવ્યો. સંજુ સેમસને 82, તિલક વર્માએ અણનમ 44, ઈશાન કિશને 43 અને શ્રેયસ ઐયરે 40 રન ફટકાર્યા. રોસ્ટન ચેઝે 3 વિકેટ લીધી.



ભારતે T20માં વેસ્ટ ઈન્ડિઝ સામેનો સર્વોચ્ચ સ્કોર નોંધાવ્યો. રાંચી ખાતે રમાયેલી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ભારત સામે નવો ઈતિહાસ રચતા રૅકોર્ડબ્રેક જીત નોંધાવી છે. ભારતે પ્રથમ બેટિંગ કરતા 5 વિકેટે 249 રનનો વેસ્ટ ઈન્ડિઝ સામેનો પોતાનો સર્વોચ્ચ T20 સ્કોર નોંધાવ્યો હતો. જોકે, 250 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી વેસ્ટ ઈન્ડિઝની ટીમે 18.3 ઓવરમાં જ 4 વિકેટ ગુમાવીને 252 રન બનાવી લીધા હતા.

આ સાથે જ વેસ્ટ ઈન્ડિઝે ભારત સામે T20I માં સૌથી મોટો ટીમ ટોટલ બનાવવાનો અને હાઈએસ્ટ રન ચેઝ કરવાનો ઐતિહાસિક વર્લ્ડ રૅકોર્ડ પોતાના નામે કરીને 6 વિકેટે ધમાકેદાર જીત મેળવી છે. ટોસ જીતીને વેસ્ટ ઈન્ડિઝે ભારતને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. ભારતીય બેટરોએ શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવીને નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 249 રનનો વિશાળ સ્કોર ઊભો કર્યો હતો. ભારત તરફથી સંજુ સેમસને 41 બોલમાં (9 ચોગ્ગા, 4 છગ્ગા) સૌથી વધુ શાનદાર 82 રન બનાવ્યા હતા. તિલક વર્માએ 18 બોલમાં (3 ચોગ્ગા, 3 છગ્ગા) અણનમ 44 રન ઝૂડ્યા હતા, જ્યારે ઈશાન કિશને 22 બોલમાં (6 ચોગ્ગા, 2 છગ્ગા) 43 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. સુકાની શ્રેયસ ઐયરે 18 બોલમાં (3 ચોગ્ગા, 3 છગ્ગા) 40 રન જોડ્યા હતા.

## શાઈ હોપે રચ્યો ઈતિહાસ, ભારત સામે ઐતિહાસિક રનચેઝમાં સર્જાયા રેકોર્ડ્સ

નવી દિલ્હી

1. વેસ્ટ ઈન્ડિઝની મેન્સ T20I ક્રિકેટના ઈતિહાસમાં આ બીજો સૌથી મોટો રનચેઝ છે. આ યાદીમાં પ્રથમ સ્થાને સાઉથ આફ્રિકા છે, જેમણે 2023માં વેસ્ટ ઈન્ડિઝ સામે 259 રન ચેઝ કર્યા હતા. 2. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની આ મેચમાં કુલ 501 રન બન્યા, જે T20I ઈન્ટરનેશનલ ક્રિકેટના ઈતિહાસમાં એક જ મેચમાં બનેલા બીજા સૌથી વધુ રન છે. 3. આ મેચમાં કુલ 46 ચોગ્ગા અને 33 છગ્ગા સહિત કુલ 79 બાઉન્ડ્રી લાગી હતી, જે T20I ઈન્ટરનેશનલ મેચમાં ત્રીજી સૌથી વધુ બાઉન્ડ્રી છે. 4. શાઈ હોપે 45 બોલમાં સદી ફટકારી, જે વેસ્ટ ઈન્ડિઝ માટે T20I ક્રિકેટમાં બીજી સૌથી ઝડપી સદી છે. 5. વેસ્ટ ઈન્ડિઝે પોતાના T20I ક્રિકેટ ઈતિહાસનો આ સૌથી મોટો ટાર્ગેટ ચેઝ કર્યો છે. 6. શાઈ હોપે માત્ર 24 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી, જે વેસ્ટ ઈન્ડિઝ માટે સંયુક્ત રીતે બીજી સૌથી ઝડપી ફિફ્ટી છે. શાઈ હોપનો આ T20I આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 15મો 50 પ્લસ સ્કોર છે અને તે હવે ક્રિસ ગેલ (16)ના રેકોર્ડથી માત્ર એક જ કદમ દૂર છે. 7. વેસ્ટ ઈન્ડિઝે ભારત સામે T20I ક્રિકેટમાં સૌથી મોટો ટાર્ગેટ ચેઝ કરવાનો રેકોર્ડ બનાવ્યો છે.

### ફ્લેટ પીચ પર બેટ-બોલમાં સમતોલ હોવું જરૂરી

## બોલરોની કારકિર્દી દાવ પર: ગંભીર

નવી દિલ્હી

ભારતના હેડ કોચ ગૌતમ ગંભીરએ વેસ્ટ ઈન્ડીઝ સામેની બીજી T20માં હાર બાદ સપાટ પીચ પર બોલરોની મુશ્કેલીઓ અંગે ચિંતા વ્યક્ત કરી.

તેમણે કહ્યું કે બેટ અને બોલ વચ્ચે સમતોલ મુકાબલો જરૂરી છે, કારણ કે બોલરોની કારકિર્દી પણ દાવ પર છે. ગંભીરે ઝડપી બોલર મયંક યાદવને પોતાની ઝડપ પર વિશ્વાસ રાખવાની સલાહ પણ આપી. ગંભીર આ પહેલાં પણ સપાટ પીચ પર સવાલ ઉઠાવી ચૂક્યા છે. ગયા મહિને ગુવાહાટીમાં વેસ્ટ ઈન્ડીઝ સામેની બીજી વન-ડેમાં ભારતે 406 રનનો ટાર્ગેટ કર્યો હતો. ત્યારે ગંભીરે કહ્યું હતું, "આ ક્રિકેટ નહોતું, માત્ર બેટિંગ હતી." રાંચીમાં ભારતે 5 વિકેટે 249 રન બનાવ્યા હતા. તેમ છતાં વેસ્ટ ઈન્ડીઝે કેપ્ટન શાઈ હોપની અણનમ સદી અને શેરફેન રધરફોર્ડના 84 રનની મદદથી 9 બોલ બાકી રહેતાં 6 વિકેટે જીત મેળવી. આ જીત સાથે 5 મેચની સિરીઝ



1-1થી બરાબર થઈ ગઈ છે. ગંભીરે કહ્યું કે દરેક વ્યક્તિ તમામ ચોગ્ગા-છગ્ગા જોવા માગે છે, પરંતુ બોલ અને બેટ વચ્ચેનું સંતુલન પણ જરૂરી છે. તેમણે કહ્યું, 'જો તમે માત્ર ચોગ્ગા-છગ્ગા જોવા માંગતા હો, તો અમે પણ તે જ જોવા માંગીએ છીએ. પરંતુ જો તમે બેટ અને બોલ વચ્ચેની બરાબરીની ટક્કર ઈચ્છતા હો, તો અમે પણ એ જ ઈચ્છીએ છીએ. બોલર પણ આપણા જ છે, તેમની કારકિર્દી પણ દાવ પર લાગેલી છે. તેઓ પણ મહેનત કરીને આ ડ્રેસિંગ રૂમ સુધી પહોંચ્યા છે.' ગંભીરે કહ્યું કે ભારત વર્લ્ડ ચેમ્પિયન ટીમ છે અને સતત સુધારો કરવા માગે છે. સપાટ પીચ અને ઝાકળમાં બોલિંગ કરવી મુશ્કેલ હતી, પરંતુ ટીમે મોટા સ્કોરનો ડિફેન્ડ કરવાનો માર્ગ શોધવો પડશે. પ્રથમ ઓવરમાં 2 વિકેટ અને પાવરપ્લેમાં 3 વિકેટ લેવા છતાં ભારત 250 રનનો ટાર્ગેટને ડિફેન્ડ કરી શક્યું નહીં.

## પીવી સિંધુ આર્કટિક ઓપન બેડમિન્ટનમાંથી બહાર

### ક્વાર્ટર ફાઇનલમાં ઇન્ડોનેશિયાની ખેલાડીએ હરાવી, મેન્સ ડબલ્સ જોડી પણ બહાર

મુંબઈ

ભારતની પીવી સિંધુ શુક્રવારે ફિનલેન્ડના વાન્તામાં આયોજિત આર્કટિક ઓપન સુપર 500 ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં હારીને બહાર થઈ ગઈ.

2 વખતની ઓલિમ્પિક્સ મેડલ વિજેતા સિંધુને ટોચની સીડ અને વિશ્વની નંબર-5 ખેલાડી રત્યાનોક ઈંતાનોએ 21-11, 19-21, 21-18થી હરાવી. મુકાબલો એક કલાક અને બે મિનિટ સુધી ચાલ્યો.

છઠ્ઠો સીડ ધરાવતી સિંધુએ જાપાનની રિકો ગુંજીને હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. બાદમાં મેન્સ ડબલ્સમાં કૃષ્ણ પ્રસાદ ગરગા અને પૃથ્વી કૃષ્ણમૂર્તિ રૉયની જોડી પણ ક્વાર્ટર ફાઈનલમાં હારી ગઈ.

સિંધુ એશિયન ગેમ્સ 2026માં પણ ભારતને મેડલ અપાવી શકી નહોતી.

સિંધુ-ઈંતાનો મુકાબલો ત્રીજી ગેમ સુધી ચાલ્યો

ઈન્ડોનેશિયાની રત્યાનોક ઈંતાનોનએ પ્રથમ ગેમ 21-11થી જીતી હતી. સિંધુએ બીજી ગેમમાં વાપસી કરતાં 21-19થી જીત નોંધાવી હતી. ઈંતાનોનએ નિર્ણાયક ગેમ 21-18થી પોતાના નામે કરી હતી. આ જીત સાથે સિંધુ સામે તેમનો હેડ-ટુ-હેડ રેકોર્ડ 10-4નો થઈ ગયો છે. સિંધુએ જુલાઈમાં જાપાન ઓપન સુપર 750નો ખિતાબ જીત્યો હતો. સિંધુએ જુલાઈમાં જાપાન ઓપન સુપર 750નો ખિતાબ જીત્યો હતો. મેન્સ ડબલ્સ જોડી પણ હારી દિવસની બાદની મેચમાં



કૃષ્ણ પ્રસાદ ગરગા અને પૃથ્વી કૃષ્ણમૂર્તિ રોયની જોડીને ડેનમાર્કના ક્રિશ્ચિયન ફૉસ્ટ ક્યેર અને રાસમસ ક્યેરે હરાવી હતી. ડેનમાર્કની જોડીએ ક્વાર્ટર ફાઈનલ મુકાબલો 21-13, 21-14થી જીત્યો હતો. આ સાથે ભારતીય જોડી પણ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે.



### 2026માં અત્યાર સુધીમાં શેરબજારમાં લગભગ 14%નો ઘટાડો

# ઇક્વિટીમાં નિરસતા વચ્ચે IPOમાં જબરજસ્ત ઉત્સાહ

મુંબઈ

નબળા વૈશ્વિક સંકેતોને કારણે ભારતીય શેરબજારમાં તીવ્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. ઈક્વિટી બજારમાં નિરસતા વચ્ચે પ્રાયમરી બજારમાં જબરદસ્ત ઉત્સાહ છે. કારણ કે પ્રાયમરી બજાર ઈક્વિટી કરતાં રોકાણ પર વધુ સારું વળતર આપે છે. જોકે, વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા વેચાણ વચ્ચે, સ્થાનિક રોકાણકારોના આઈપીઓ બજાર તરફના વલણથી શેરબજારમાં પ્રવાહિતા અંગે ચિંતા વધી છે. ૨૦૨૬માં અત્યાર સુધીમાં બેન્ચમાર્ક સૂચકાંકો ૧૩થી૧૪% ઘટયા છે, જ્યારે યુએસ બજારો ૧૪ થી૧૮%




ઘટયા છે અને જાપાનના નિક્કી ૩૯% વધ્યો છે. ભારતીય શેરબજારમાં નબળાઈ એવા સમયે આવી છે જ્યારે આર્થિક વૃદ્ધિ ઝડપી બની રહી છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં, કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) વૃદ્ધિ ૭.૮% નોંધાઈ હતી.

વધુમાં, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ) પણ ભારે ખરીદી કરી રહ્યા છે. ઈક્વિટી બજારમાં નિરસતા વચ્ચે પ્રાયમરી બજારમાં જબરદસ્ત ઉત્સાહ છે. ૨૦૨૬માં અત્યાર સુધીમાં ૯૭ મેઈનબોર્ડ લિસ્ટિંગ થયા છે, જેમાં ૬૩ લિસ્ટિંગ પ્રીમિયમ પર થયા છે. પરિણામે, રોકાણકારોનો રસ આઈપીઓ બજાર તરફ વળી રહ્યો હોય તેવું લાગે છે. બજારના નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે ઈક્વિટી બજારમાં નબળાઈના ઘણા કારણો છે, જેમાં મોંઘા ક્રૂડ તેલ, ભૂ-રાજકીય તણાવ, યુએસ ૧૦-વર્ષના બોન્ડ યીલ્ડમાં વધારો, નબળો રૂપિયો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા વેચાણ જેવા પરિબળોનો સમાવેશ થાય છે. બીજી બાજુ, ભારતના આર્થિક વિકાસના આંકડા અને ફુગાવા નિયંત્રણમાં રહેવાના સકારાત્મક અંદાજો સ્થાનિક બજાર માટે સકારાત્મક છે.

### સ્ટીલમાં 40% અને પ્લાસ્ટિકમાં 100%નો ભાવવધારો

## તાંબાના વધતા ભાવને કારણે ગીઝર, કુલર અને પંખાના ભાવમાં વધારો

મુંબઈ

ગયા વર્ષે તાંબાના ભાવમાં ૬૦%, સ્ટીલમાં ૪૦% અને પ્લાસ્ટિકમાં ૧૦૦%નો વધારો થયો છે. ઊંચા ભાવને કારણે, ઉત્પાદકો વધેલા ખર્ચને પોષી શકતા નથી. જેના કારણે ગીઝર, કુલર અને પંખાના ભાવમાં વધારો થયો છે. કેટલાક ઉત્પાદકો એલ્યુમિનિયમ તરફ પણ વળ્યા છે. તાંબુ અને એલ્યુમિનિયમ બંને ઈલેક્ટ્રિકલ સાધનો અને વાયરિંગમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી ધાતુઓ છે. બંને વચ્ચેના મુખ્ય તફાવત તેમની વિદ્યુત વાહકતા, કિંમત, વજન અને ટકાઉપણું છે. વૈશ્વિક બજારમાં તાંબાની કિંમત પ્રતિ ટન ૧૪,૦૦૦ ડોલરથી વધુ થઈ ગઈ છે. વધતી કિંમતો ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ્સ, ટેલિકોમ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર,



બાંધકામ અને કૃષિ સહિત અનેક ઉદ્યોગોને અસર કરી રહી છે. ૧ ઓક્ટોબરથી ભાવમાં ૮થી ૧૦%નો વધારો થયો છે. દિલ્હીમાં ઘણા ડીલરો આગામી સિઝન માટે નવો સ્ટોક ભરવા માટે સસ્તા દરે જૂનો માલ વેચી રહ્યા છે. એક વર્ષમાં કોપર પાઈપના ભાવમાં ૩૫%નો વધારો થયો છે. તાંબુ, જેનો ભાવ પહેલા રૂ. ૧,૧૫૦ પ્રતિ કિલો હતો, તે હવે રૂ. ૧,૮૦૦ પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. જાણકારોએ જણાવ્યું હતું કે બજારમાં મૂલ્યમાં વૃદ્ધિ જોવા મળી રહી છે, પરંતુ જથ્થામાં વધારો થઈ રહ્યો નથી. વ્યવસાયમાં મૂલ્ય વૃદ્ધિને જોતા, ગયા વર્ષની સરખામણીમાં ૨૫ થી ૩૦% વૃદ્ધિ થઈ છે. આના કારણે ઉત્પાદનના ભાવમાં વધારો થયો છે. લેપટોપની સરેરાશ કિંમત, જે પહેલા રૂ. ૫૦,૦૦૦-૬૦,૦૦૦ હતી, તે હવે રૂ. ૮૦,૦૦૦-૯૦,૦૦૦ થઈ ગઈ છે. મોબાઈલ ફોન, જેની કિંમત રૂ. ૨૦,૦૦૦ની રેન્જમાં હતી, તે હવે રૂ. ૩૫,૦૦૦ થી ૪૦,૦૦૦ સુધી પહોંચી ગઈ છે.

### SIP રોકાણકારો માટે સારા સમાચાર

# SIP વળતર મુદ્દે ભારતનો વિશ્વમાં ટોચના બે દેશોમાં થયેલો સમાવેશ

### પાંચ વર્ષના SIP સમયગાળામાં 98% વખત રોકાણકારોને સકારાત્મક વળતર મળ્યું છે, જે સ્થિર પ્રદર્શન દર્શાવે છે

મુંબઈ

SIP રોકાણકારો માટે સારા સમાચાર છે. તાજેતરના વિશ્લેષણ મુજબ, ભારતમાં સરેરાશ SIP વળતર 8.4% રહ્યું છે. જોકે, પાંચ વર્ષના SIP સમયગાળામાં 98% વખત રોકાણકારોને સકારાત્મક વળતર મળ્યું છે, જે સ્થિર પ્રદર્શન દર્શાવે છે. અમેરિકાના નાસ્ડેક 100માં 19.1% સાથે સૌથી વધુ વળતર મળ્યું છે.

સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (સિપ) મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાની એક લોકપ્રિય રીત છે. એક જ સમયે મોટી રકમનું રોકાણ કરવાને બદલે, રોકાણકારો દર મહિને એક નિશ્ચિત રકમનું રોકાણ કરે છે. નિયમિત રોકાણ બચત અને રોકાણ કરવાની આદત વિકસાવે છે. સિપ રિટર્નમાં અમેરિકા આગળ છે જ્યારે ભારતનું પ્રદર્શન સ્થિર રહ્યું હતું.

તાજેતરમાં હાથ ધરાયેલ એક વિશ્લેષણમાં ઓક્ટોબર ૨૦૧૬થી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના ૧૦ વર્ષના સમયગાળા




દરમિયાન ૧૨૦ અલગ અલગ પાંચ વર્ષના સિપ સમયગાળાની તપાસ કરવામાં આવી હતી. વિવિધ બજાર પ્રદર્શન વચ્ચે સરખામણી કરવા માટે, બધા વળતરની ગણતરી યુએસ ડોલરમાં કરવામાં આવી હતી.

વિશ્લેષણ મુજબ, સિપ વળતર બજાર અનુસાર નોંધપાત્ર રીતે બદલાય છે. યુએસ બજારોએ સૌથી વધુ સરેરાશ વળતર આપ્યું હતું. નાસ્ડેક ૧૦૦ એ સૌથી વધુ સરેરાશ વાર્ષિક વળતર ૧૯.૧% આપ્યું હતું, ત્યારબાદ એસએન્ડપી ૫૦૦એ ૧૩.૭% આપ્યું હતું. ભારતમાં, સરેરાશ વળતર ૮.૪% હતું. જોકે, ભારતમાં રોકાણકારોએ પાંચ વર્ષના સિપ સમયગાળાના ૯૮% સમયગાળામાં સકારાત્મક વળતર આપ્યું હતું.

આ સરખામણીમાં, ભારતમાં સિપ પ્રદર્શન પ્રમાણમાં સ્થિર રહ્યું છે. ૧૨૦ અલગ અલગ પાંચ વર્ષના સિપ સમયગાળામાંથી, ૮૭% એ ૬ થી ૧૨%ની વચ્ચે વાર્ષિક વળતર, ૭% સમયગાળામાં વળતર ૦ થી ૬% સુધી હતું. રોકાણકારોને ફક્ત ૨% સમયગાળામાં નુકસાન થયું હતું, જેના પરિણામે ૯૮% સમયગાળામાં હકારાત્મક વળતર મળ્યું હતું. યુએસ ડોલરના સંદર્ભમાં ભારતમાં સરેરાશ વળતર ૮.૪% હતું. બીજી બાજુ, બ્રાઝિલ, દક્ષિણ કોરિયા, ચીન અને હોંગકોંગના બજારોએ વધુ અસ્થિરતાનો અનુભવ કર્યો હતો.

## સપ્ટેમ્બરમાં ઈ-વે બિલ જનરેટ કરવાની સંખ્યા 14.15 કરોડની વિક્રમી સપાટીએ

■ આ પગલાંને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ તરફનું મોટું પગલું માનવામાં આવે છે.

મુંબઈ

મુંબઈમાં આગામી તહેવારોમાં માલસામાનની ઊંચી માંગના સંકેત મળ્યા છે. સપ્ટેમ્બરમાં ઈ-વે બિલ જનરેશન વાર્ષિક 7.20% વધીને 14.15 કરોડ સાથે વિક્રમી સ્તરે પહોંચ્યું છે. GSTN ડેટા મુજબ, ઓગસ્ટ કરતાં સપ્ટેમ્બરમાં 1.75% વધારો નોંધાયો. આ અગાઉ માર્ચમાં 14.06 કરોડનો રેકોર્ડ હતો. આ ઉછાળો ઘરેલુ વેપારમાં સ્થિતિસ્થાપકતા અને સંગઠિત વેપાર વૃદ્ધિ સૂચવે છે. સપ્ટેમ્બરમાં ઈ-વે બિલ જનરેટ કરવાની માત્રા વાર્ષિક ધોરણે ૭.૨૦ ટકા વધી ૧૪.૧૫ કરોડ સાથે વિક્રમી સ્તરે રહી હતી. ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરના આંકમાં ૧.૭૫ ટકા વધારો થયો હતો એમ ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ નેટવર્ક (જીએસટીએન)ના ડેટા જણાવે છે. આ અગાઉ માર્ચમાં ૧૪.૦૬ કરોડ સાથે ઈ-વે બિલ જનરેટ થવાનો આંક અત્યારસુધીનો સૌથી વધુ હતો. ઈ-વે બિલની ઊંચી સંખ્યા ઘરઆંગણે વેપારમાં સ્થિતિસ્થાપકતા તથા જીએસટી હેઠળ અર્થતંત્રમાં સંગઠીત વેપાર વધી રહ્યાનું સૂચવે છે. સપ્ટેમ્બરની ઊંચી સંખ્યા તહેવારો નિમિત્તેની માગ વધુ રહેવાના પણ સંકેત આપે છે, એમ એક ટેકસ કન્સલટન્ટે જણાવ્યું હતું. ગુરુવારે જીએસટી કાઉન્સિલની મળેલી બેઠકમાં જીએસટી સંદર્ભમાં માલસામાનની ઝડતી તથા ચકાસણી માટેના નિયમોને હળવા બનાવવાનો નિર્ણય લેવાયો હતો.

### અમદાવાદમાં Gen-Zનો આક્રમક વિરોધ, કોંગ્રેસના નેતાઓની ટીંગાટોળી કરી અટકાયત

# 'વોટ ચોર ગદ્દી છોડ, જ્ઞાનેશ કુમાર હટાવો લોકશાહી બચાવો'






મહિલાઓએ રાજીવ ગાંધી ભવન જવા દોટ મૂકતા પોલીસે રોક્યા

**અમદાવાદ**

અમદાવાદમાં શનિવારે ચૂંટણી પંચ સામે વિરોધ અને રાજકીય ઘમાસાણ જોવા મળ્યું હતું. બપોરે ભાજપ દ્વારા રાહુલ ગાંધી સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જ્યારે સાંજે એલિસબ્રિજ ચાર રસ્તા પાસે Gen-Zના યુવાનો અને કોંગ્રેસના નેતાઓ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે રસ્તા પર ઊતરી આવ્યા હતા. પ્રદર્શન દરમિયાન 'વોટ ચોર ગદ્દી છોડ' અને 'જ્ઞાનેશ કુમાર હટાવો, લોકશાહી બચાવો' જેવા નારા લગાવવામાં આવ્યા હતા. Gen-Zના દેખાવોને ધ્યાનમાં રાખીને એમ.જે. લાયબ્રેરીની આસપાસ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જોકે, પ્રદર્શનકારીઓએ સૂત્રોચ્ચાર સાથે વિરોધ ચાલુ રાખતાં પોલીસે કાર્યવાહી કરી હતી. આ દરમિયાન કોંગ્રેસના કેટલાક નેતાઓ અને અન્ય પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હતી. પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના નેતાઓને પોલીસ દ્વારા ટીંગાટોળી કરીને વાહનમાં બેસાડવામાં આવતાં ઘટનાસ્થળે ગરમાવો જોવા મળ્યો હતો. ચૂંટણી પંચની કામગીરી સામે સવાલો ઉઠાવી રહેલા પ્રદર્શનકારીઓએ મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માગ કરી હતી. અગાઉ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના કાફલા સામે કાળા વાવટા ફરકાવીને વિરોધ નોંધાવનાર શુભમ ઠાકર પણ આ પ્રદર્શનમાં જોડાયા હતા. જોકે, પોલીસે તેમની પણ અટકાયત કરી હતી. પોલીસ વાહનમાં બેસાડવામાં આવ્યા બાદ શુભમ ઠાકરે આગામી સમયમાં અમદાવાદમાં ચક્કાજામ કરવાની ચીમકી ઉચ્ચારી હતી. ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણી પંચની કામગીરીને લઈને ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે અમદાવાદમાં ભાજપ અને કોંગ્રેસના વિરોધ પ્રદર્શનોએ રાજકીય માહોલ ગરમાવ્યો છે. જોકે, પ્રદર્શનકારીઓ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો અંગે ચૂંટણી પંચ તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી છે કે નહીં તેની વિગતો ઉપલબ્ધ નથી.

## JNUના પ્રોફેસર અને કોંગ્રેસ સાંસદ સામે જાતીય સતામણીના આક્ષેપો!!

### ભાજપ મહિલા મોરચાનો પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે ચિંતનજનક અને આક્રમક વિરોધ

**અમદાવાદ**

અમદાવાદ સ્થિત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે આજરોજ રાજકીય ગરમાવો અને ઉગ્ર વિરોધ પ્રદર્શનનો માહોલ જોવા મળ્યો હતો. કોંગ્રેસના સાંસદ અને JNUના પ્રોફેસર અંગોમચા બિમોલ સામે વિદ્યાર્થીનીઓની જાતીય સતામણીના અત્યંત ગંભીર અને શરમજનક આરોપો સામે આવ્યા બાદ, ગુજરાત ભાજપ મહિલા મોરચા દ્વારા આ મુદ્દાને લઈને પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયની બહાર ઘાતક અને આક્રમક વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. મહિલા સુરક્ષા અને ગરિમાના મુદ્દે ભાજપ મહિલા મોરચાના નેતાઓ તથા કાર્યકર્તાઓએ કાળા વાવટા અને બેનરો સાથે કોંગ્રેસ કાર્યાલય તરફ કૂચ કરી હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન મહિલા નેતાઓ ભાજપ ગુજરાતના દર્શના પટેલ, દર્શના વાઘેલા, ડૉ. પાયલ કુકરાણી અને કાંચનબેન રાડાડિયા સહિતની અગ્રણી મહિલા નેતાઓની આગેવાનીમાં કોંગ્રેસ નેતૃત્વ અને સાંસદ વિરુદ્ધ સણસણતા પ્રહારો કરવામાં આવ્યા હતા.



મહિલા મોરચાએ આકરા શબ્દોમાં સવાલ ઉઠાવ્યો હતો કે મહિલા સન્માનની મોટી મોટી વાતો કરતી કોંગ્રેસ પાર્ટી પોતાના જ સાંસદ સામે લાગેલા આવા ગંભીર આક્ષેપો પર કેમ મૌન સેવી રહી છે? ભાજપ મહિલા મોરચાના આક્રમક વિરોધ કાર્યક્રમની આગોતરી જાણકારી મળતાં જ અમદાવાદ પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું હતું. કોઈ અપ્રિય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયની ચારેય તરફ મજબૂત બેરિકેટિંગ ગોઠવી દેવામાં આવ્યું હતું.

### કોંગ્રેસ પરિવાર પર આભ તૂટ્યું

## અખિલ ભારતીય કોંગ્રેસના પૂર્વ મહામંત્રી અને દિગ્ગજ નેતા દીપકભાઈ બાબરીયાનું દુઃખદ અવસાન

**અમદાવાદ**

કોંગ્રેસ પક્ષના પાયાના મજબૂત સ્તંભ, અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના પૂર્વ મહામંત્રી અને વરિષ્ઠ નેતા શ્રી દીપકભાઈ બાબરીયાનું દુઃખદ નિધન થયું છે. તેમના જવાથી રાજકીય અને સામાજિક બેડામાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ છે. પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ સહિતના દિગ્ગજ નેતાઓએ તેમની સેવાઓને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

લોકસભામાં વિપક્ષના નેતા શ્રી રાહુલ ગાંધીજીએ શ્રી દીપકભાઈ બાબરીયાની પુત્રી સાથે ટેલિફોનિક વાતચીત કરીને તેમને સાંત્વના પાઠવી હતી. શ્રી રાહુલ ગાંધીજીએ શોક સંદેશમાં જણાવ્યું હતું કે, વરિષ્ઠ કોંગ્રેસ નેતા અને પૂર્વ મહાસચિવ શ્રી



દીપકભાઈ બાબરીયાના નિધનના સમાચાર અત્યંત દુઃખદ છે. તેમનું જવું કોંગ્રેસ પરિવાર માટે એક અપૂરણીય નુકસાન છે. સંગઠન પ્રત્યે તેમનું સમર્પણ અને પક્ષને મજબૂત કરવામાં તેમનું યોગદાન સદૈવ યાદ રાખવામાં આવશે. આ મુશ્કેલ સમયમાં તેમના પરિવારજનો, સાથીઓ અને સમર્થકો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. દીપકજીને ભાવભીની શ્રદ્ધાંજલિ અને નમન.

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગેજીએ શ્રદ્ધાંજલિ પાઠવતા જણાવ્યું હતું કે, પૂર્વ મહામંત્રી શ્રી દીપકભાઈ બાબરીયાના અવસાનથી હું ખૂબ જ વ્યથિત છું. તેઓ સાદગી, નિષ્ઠા અને કોંગ્રેસની વિચારધારા પ્રત્યે અટલ પ્રતિબદ્ધતા માટે જાણીતા સમર્પિત યોદ્ધા હતા. તેમણે શ્રમિકો અને કામદારોના અધિકારો માટે અવાજ ઉઠાવીને તથા મજૂર અને ટ્રેડ યુનિયનો માટે કામ કરીને પોતાની રાજકીય સફરની શરૂઆત કરી હતી. તેમનું નિધન કોંગ્રેસ પક્ષ માટે મોટી ખોટ છે. આ દુઃખની ઘડીમાં તેમના પરિવાર, મિત્રો અને સ્નેહીજનોને મારી હૃદયસ્પર્શી શોકસંવેદના.

### નકલી સિગારેટનું મોટું નેટવર્ક ઝડપાયું

## મણિનગર અને કાલુપુરમાં દરોડા પાડી રૂપિયા 8.62 લાખનો માલ જપ્ત

**અમદાવાદ**

અમદાવાદ SOGએ મણિનગર અને કાલુપુરની બે દુકાનો પર દરોડા પાડી 8.62 લાખ રૂપિયાના 6,900 નકલી સિગારેટના પેકેટ જપ્ત કર્યા છે. આ મામલે 66 વર્ષીય દુકાનદાર શોભરાજ કેવલાણીની ધરપકડ કરાઈ છે. ITC લિમિટેડના ટ્રેડમાર્ક ઉલ્લંઘનની ફરિયાદ બાદ આ કાર્યવાહી થઈ. પોલીસે સપ્લાયર નિકુંજભાઈની શોધખોળ શરૂ કરી છે. અમદાવાદ સિટી ક્રાઈમ બ્રાન્ચના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ એટલે કે, SOG એ મણિનગર અને કાલુપુરની બે દુકાનોમાંથી આશરે 8.62 લાખ રૂપિયાની કિંમતના 6,900 નકલી સિગારેટના પેકેટ



જપ્ત કર્યા છે. આ કેસના સંબંધમાં 66 વર્ષીય દુકાનદારની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે પોલીસે સપ્લાયરની શોધખોળ શરૂ કરી છે. અધિકારીના જણાવ્યા મુજબ, આ કાર્યવાહી 'પારેખ ઈન્ટરનેશનલ એડલ્ટ સર્વિસીસ કંપની' ના 47 વર્ષિય માલિક દર્શક પારેખ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે કરવામાં આવી હતી, તેમણે જણાવ્યું હતું કે, તેઓને ITC લિમિટેડના ટ્રેડમાર્ક અને કોપીરાઈટનું ઉલ્લંઘન કરતી નકલી પ્રોડક્ટ્સ સામે કાર્યવાહી કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. મણિનગરના સિંધી માર્કેટમાં આવેલા મહેશ જનરલ સ્ટોર્સમાં નકલી ITC પ્રોડક્ટ્સ વેચાઈ રહી છે, તેવી બાતમીના આધારે, SOG ની ટીમ, ફરિયાદી, કંપનીના પ્રતિનિધિ અને બે પંચો સાથે મળીને 9 ઓક્ટોબરે દરોડો પાડ્યો હતો.

દુકાનદારની ઓળખ મણિનગર પૂર્વના રહેવાસી શોભરાજ જેથાનાંદ કેવલાણી તરીકે થઈ છે. તપાસ દરમિયાન, તેમણે 125 રૂપિયા પ્રતિ પેકેટની કિંમતવાળા સિગારેટના 3,550 પેકેટ જપ્ત કર્યા હતા, જે 50 પેકેટ ધરાવતા 71 કાર્ટનમાં પેક હતા.

## ચાંદખેડામાં દારૂડિયા પતિ અને સાસરિયાથી કંટાળી 30 વર્ષીય જયા જાદવે જીવન ટૂંકાવ્યું

**અમદાવાદ**

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને ચકચાર મચાવનારી ઘટના સામે આવી છે. સાસરિયાંના અસહ્ય માનસિક-શારીરિક ત્રાસ અને પતિના દારૂડિયા સ્વભાવથી કંટાળીને ૩૦ વર્ષીય પરિણીતાએ ફ્લેટ પરથી ઝંપલાવીને પોતાની સુંદર જિંદગીનો અંત આણી દીધો છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી માહિતી મુજબ, ચાંદખેડા ખાતે રહેતી ૩૦ વર્ષીય પરિણીતા જયા જાદવના લગ્ન બાદથી જ ઘરમાં કંકાસનો દોર શરૂ થઈ ગયો હતો. પીવાના આસક્ત પતિ સુનિલ અવારનવાર દારૂના નશામાં ધૂત થઈને જયા પર અમાનુષી અત્યાચાર ગુજારતો હતો. માત્ર પતિ જ નહીં, પરંતુ ઘરની સાસુ જશોદાબેન અને નણંદ હિના પણ નાની-નાની બાબતોમાં ત્રાસ આપીને જયાનું જીવવું હરામ કરી દેતા હતા. આ કરુણ ઘટનાની જાણ થતાં જ ચાંદખેડા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

### અમદાવાદમાં તંત્રની ઘોર બેદરકારી

## વિશાલા-નારોલ રોડ પર 10 વર્ષીય બાળકી ખુલ્લી ગટરમાં ખાબકી

**અમદાવાદ**

મેગા સિટી અને સ્માર્ટ સિટીનું બિરુદ ધરાવતા અમદાવાદ શહેરમાં સ્થાનિક તંત્રની ગુનાહિત બેદરકારીનો વધુ એક ઘાતક કિસ્સો સામે આવ્યો છે. વિશાલા થી નારોલ તરફ જતા મુખ્ય હાઈવે પર આવેલા દેવ ફાર્મ જવાના રસ્તા પાસે એક ૧૦ વર્ષીય માસૂમ બાળકી અચાનક ખુલ્લી ગટરમાં પડી જતાં અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે આસપાસના લોકોની સમયસૂચકતાને કારણે બાળકીને સમયસર બહાર કાઢી લેવામાં આવી હતી, જેથી મોટો અનર્થ ટળ્યો હતો. પરંતુ આ ઘટનાએ મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વિશાલા-નારોલ રોડ પર આવેલ દેવ ફાર્મ નજીકના રસ્તા પરથી પસાર થઈ રહેલી ૧૦ વર્ષની બાળકી અચાનક રોડ કિનારે આવેલી ખુલ્લી ગટરમાં ગરકાવ થઈ ગઈ હતી. બાળકી ગટરમાં પડતાં જ ચીસાચીસ થઈ ગઈ હતી. સ્થાનિક વેપારીઓ અને રાહદારીઓએ ત્વરિત દોડી આવીને પોતાના જીવના જોખમે બાળકીને ગટરમાંથી સહીસલામત બહાર કાઢી હતી. આ ઘટના બાદ સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં તંત્ર સામે તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ: આ માર્ગ પરથી દૈનિક હજારો વાહનો અને રાહદારીઓ પસાર થાય છે. લાંબા સમયથી આ ગટર ખુલ્લી અવસ્થામાં છે અને અનેકવાર રજૂઆતો કરવા છતાં તંત્ર કાનમાં તેલ નાખીને બેઠું છે. ચોમાસા અને અંધારાના સમયે આ ખુલ્લી ગટરો 'મોતના કૂવા' સમાન સાબિત થઈ રહી છે.

પાક્કો ગુજરાતનો સીધો સવાલ:

૧. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના અને નિર્દોષનો જીવ જાય તેની રાહ જોઈ રહ્યું છે?

૨. અગાઉ અનેક રજૂઆતો છતાં ખુલ્લી ગટર પર ઢાંકણ કેમ મૂકવામાં આવ્યું નથી?

૩. આ ઘોર બેદરકારી દાખવનાર જવાબદાર અધિકારીઓ સામે ક્યારે કડક પગલાં ભરાશે? આજે સ્થાનિકોની તત્પરતાથી એક માસૂમનો જીવ બચી ગયો છે, પરંતુ જો તંત્ર વહેલી તકે આ તમામ ખુલ્લી ગટરો પૂરી નહીં કરે તો આગામી દિવસોમાં આ બેદરકારી કોઈ પરિવારનો માળો વિખેરી નાખશે.

## સંક્ષીપ્ત સમાચાર

### BJ મેડિકલ કોલેજમાં MBBS એડમિશનના નામે સ્કૂલ પ્રિન્સિપાલ સાથે 22.75 લાખની ઠગાઈ

અમદાવાદમાં MBBSમાં પ્રવેશ અપાવવાના બહાને એક શાળાના આચાર્ય સાથે 22.75 લાખ રૂપિયાની છેતરપિંડી થઈ છે. આરોપીઓએ B J મેડિકલ કોલેજનો બનાવટી 'એલોટમેન્ટ લેટર' આપી કૌભાંડ આચર્યું. સોશિયલ મીડિયા રીલ્સ જોઈને સંપર્ક કરાયો હતો. સાયબર ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અમદાવાદમાં MBBS અભ્યાસ માટે સરકારી કોલેજમાં પ્રવેશ અપાવવાના બહાને એક શાળાના આચાર્ય સાથે 22.75 લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે. આરોપીઓએ B J મેડિકલ કોલેજનું બનાવટી 'એલોટમેન્ટ લેટર' (પ્રવેશ ફાળવણી પત્ર) આપીને આ કૌભાંડ આચર્યું હતું, જેની ખરાઈ કરતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. આ અંગે સાયબર ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, ફરિયાદી સતીષ પટેલ એક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેમની 17 વર્ષની પુત્રી જ્ઞાનીએ વિજ્ઞાન પ્રવાહમાંથી ધોરણ 12 અને NEET (નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ) પાસ કરી હતી. આ દરમિયાન તેને સોશિયલ મીડિયા પર 'PIXEL MBBS' નામની કન્સલ્ટન્સીની એક રીલ્સ જોવા મળી હતી, જેમાં સરકારી મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવામાં મદદ કરવાની જાહેરાત કરાઈ હતી.

### ઓઢવમાં ત્રણ સગીરોએ યુવકને ચપ્પાના ઘા મારીને પતાવી દીધો : યુવતીની છેડતીની અદાવતમાં હત્યા

અમદાવાદમાં તહેવારોની શરૂઆત પહેલા જ પૂર્વ વિસ્તારમાં બે હત્યાના બનાવ બનતા પોલીસની ચિંતા વધી છે. જેમાં નારોલમાં મકાનનો ગેટ બંધ કરવાની સામાન્ય બાબતે શરૂ થયેલો ઝઘડો હત્યામાં ફેરવાયો હતો. જ્યારે ઓઢવમાં યુવતીની છેડતીની અદાવતમાં ત્રણ સગીરોએ યુવકને ચપ્પુ અને દંડના ઘા મારીને મોતને ઘાટ ઉતાર્યો છે. બંને બનાવમાં પોલીસે હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. ઓઢવમાં અજીતકુમાર ઠાકોર પરિવાર સાથે રહેતો અને ડેકોરેશનનું કામ કરતો હતો. શુક્રવારે રાત્રે અજીત તેના મિત્રો રમણ અને યુવરાજ સાથે ઢોંસા ખાવા ગયો હતો. ખાવાનું પતાવીને પરત ફરતી વખતે ટુ-વ્હીલર પર આવેલા ત્રણ સગીરોએ તેમને અટકાવ્યા હતા. અગાઉ યુવતીની છેડતીની બાબતે થયેલી ઝઘડાની અદાવત રાખીને સગીરોએ અજીત સાથે ફરીથી ઝઘડો શરૂ કર્યો હતો. આ દરમ્યાન સગીરોએ અજીત પર છરી વડે હુમલો કર્યો હતો. તેને આડેધડ છરીના ઘા મારીને હત્યા કરીને ફરાર થઈ ગયા હતા. અજીતના ભાઈ રણજીત ઠાકોરે ત્રણ સગીરો સામે ઓઢવ પોલીસ સ્ટેશનમાં હત્યાની ફરિયાદ નોંધાવી છે. મહત્વનું છે કે નવરાત્રીમાં પોલીસ માટે સુરક્ષા સૌથી મોટો પડકાર ઉભો થઈને રહ્યો છે. કારણ કે બને બનાવમાં સગીરોની સંડોવણી સામે આવી છે. જેથી સગીરો દ્વારા ગુનાને અંજામ આપવાના કિસ્સા વધી રહ્યા છે.

### 60 વર્ષના વૃદ્ધ 4.78 લાખના ચરસ સાથે ઝડપાયા, જમ્મુથી મુંબઈ ડિલીવરી કરવા જતા હતા

અમદાવાદમાં ડ્રગ્સ સિન્ડિકેટ ફરી સક્રિય થતાં, ક્રાઈમ બ્રાન્ચે નરોડા હાઈવે પરથી 60 વર્ષીય મુંબઈના વૃદ્ધને ઝડપ્યો છે. તેની પાસેથી 4.78 લાખ રૂપિયાનું 1.915 કિલો ચરસ ઝડપાયું છે. આરોપી જમ્મુથી આ જથ્થો લાવી મુંબઈ ડિલિવરી કરવા જઈ રહ્યો હતો. પોલીસે 4.80 લાખનો મુદ્દામાલ જપ્ત કરી મુંબઈ અને જમ્મુના 2 શખ્સો સહિત 3 સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદમાં કમિશન માટે વૃદ્ધોનો કેરિયર તરીકે ઉપયોગ કરતી ડ્રગ્સ સિન્ડિકેટ ફરી સક્રિય થઈ હોય તેવો બનાવ સામે આવ્યો છે. નરોડા, નાના ચિલોડાથી ગેલેક્ષી તરફ જતા જાહેર હાઈવે પર શીતળાનગરના નાકા પાસેથી મુંબઈના 60 વર્ષીય વૃદ્ધને 4.78 લાખ રૂપિયાની કિંમતના 1.915 કિલોગ્રામ ચરસના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. આરોપી જમ્મુથી આ ચરસનો જથ્થો લાવી મુંબઈ ડિલિવરી આપવા જઈ રહ્યો હતો. સમગ્ર મામલે ક્રાઈમ બ્રાન્ચે ચરસ, મોબાઈલ અને રોકડ સહિત કુલ 4.80 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી મુંબઈ અને જમ્મુના બે શખસો સહિત ત્રણ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### અસલાલીમાં વિદેશી દારૂના કટિંગ પર પોલીસનો દરોડો:₹18.29 લાખનો મુદ્દામાલ અને 1,552 બોટલ દારૂ-બીયર સાથે 4 ઝડપાયા

અમદાવાદના અસલાલીમાં દારૂના કટિંગ પર પોલીસે દરોડો પાડ્યો. ચાર આરોપીઓ ઝડપાયા, 18.29 લાખનો મુદ્દામાલ જપ્ત થયો. તેમાં 1,552 બોટલ દારૂ-બીયર અને બે કારનો સમાવેશ થાય છે. નવરાત્રિને કારણે દારૂની હેરાફેરી સામે કાર્યવાહીની સૂચના હતી. અસલાલી પોલીસને ટી.પી. રોડ પર ક્રેટા અને સ્વિફ્ટ ડિઝાયર કારમાં દારૂ કટિંગની બાતમી મળી. દરોડામાં 2,60,512ની 1,552 બોટલ દારૂ-બીયર જપ્ત થઈ. 10 લાખની ક્રેટા, 5 લાખની સ્વિફ્ટ ડિઝાયર કાર અને 69 હજારના ચાર મોબાઈલ ફોન પણ કબજે કરાયા. ઝડપાયેલા આરોપીઓમાં રાજસ્થાનના અશોકકુમાર કિષ્નારામ બિશ્નોઈ (25), રામોલના નરેન્દ્રસિંગ ઉર્ફે રાજ કરનસિંગ રાજપૂત (26), અનુજ દિલીપભાઈ શર્મા (20) અને ઈસનપુરના જીજ્ઞેશ ઉર્ફે જીગો હરિશભાઈ વાઘેલા (30) છે.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI